


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

Volume : 18
Issue : 174
Dt.: 07-03-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### ઈરાનની જાહેરાતથી ભારતને રાહતઃ ઓઈલની આયાતની શક્યતા વધી

# અમેરિકા, ઈઝરાયેલ અને યુરોપના દેશોના ઓઈલ ટેન્કર નહીં પસાર થવા દઈએઃ ઈરાન

## આંતરરાષ્ટ્રીય કાયદા અને સંલગ્ન ઠરાવો મુજબ યુદ્ધના સમય દરમિયાન હોર્મુઝની ખાડીમાં જહાજોનું નિયમન કરવાનો ઈરાનનો અબાધિત અધિકાર છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કરના પરિવહન પર મુકેલાં પ્રતિબંધને પગલે ભારત સહિત વિશ્વના તમામ દેશોમાં ચિંતાનું મોજું પ્રસરી જવા પામ્યું હતું. જોકે હવે ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, માત્ર અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા તેમના પશ્ચિમ સહયોગી દેશો માટે જ હોર્મુઝની ખાડી બંધ કરી છે. ઈરાનના આ નિવેદનને પગલે ભારત માટે ઓઈલની આયાત માટે નવી આશા જન્મી છે.

આઈઆરજીસીએ જણાવ્યું હતું કે, અમે અગાઉ પણ એ બાબત સ્પષ્ટ કરી હતી કે, આંતરરાષ્ટ્રીય કાયદા અને સંલગ્ન ઠરાવો મુજબ યુદ્ધના સમય દરમિયાન હોર્મુઝની ખાડીમાં જહાજોનું નિયમન કરવાનો ઈરાનનો અબાધિત અધિકાર છે. આ સમુદ્રી માર્ગમાંથી પસાર થનારા અમેરિકા, ઈઝરાયેલ, યુરોપ તથા પશ્ચિમી દેશોના તેમના સહયોગીઓના જહાજોને ચોક્કસપણે તોડી પાડવામાં આવશે.જોકે, ઈરાને જણાવ્યું હતું કે, તે માત્ર ચાઈનીઝ ધ્વજ ધરાવતાં જહાજોને જ હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપશે. વિદેશી બાબતોના નિષ્ણાતોના જણાવ્યાં અનુસાર ચીન સાથેના ઈરાનના સંબંધોને પગલે આ મંજૂરી અપાઈ છે. હોર્મુઝની ખાડી ઈરાનના અખાતમાંથી તેલના પરિવહનનો એક માત્ર માર્ગ હોવાથી ઈરાનનો આ નિર્ણય ઘણો મહત્વનો છે.અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલાં હુમલાં બાદ ઈરાને હોર્મુઝની ખાડીમાંથી ઓઈલ ટેન્કર્સના પરિવહન પર પ્રતિબંધ મુક્યો હતો. ઈરાને જણાવ્યું હતું કે, તે આ સમુદ્રી માર્ગમાંથી પસાર થતાં દરેક ટેન્કર પર હુમલો કરી તેને નષ્ટ કરશે. જેને પગલે મોટાભાગની શિપિંગ કંપનીઓએ આ માર્ગમાંથી ઓઈલ ટેન્કરો મોકલવાની અનિચ્છા વ્યક્ત કરી હતી અને ઓઈલ અને ગેસના પરિવહન માટે અન્ય લાંબા માર્ગોએ શિપ મોકલવાની યોજના ઘડી રહી છે. ઈરાન દ્વારા હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં ઓઈલ ટેન્કરો પર હુમલો કરવાની અપાયેલી ધમકી બાદ અમેરિકાએ વળતી પ્રતિક્રિયા આપી છે. અમેરિકાએ જણાવ્યું છે કે, જો જરૂર પડશે તો અમેરિકા હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં ઓઈલ ટેન્કરોની સુરક્ષા માટે નૌસૈના તૈનાત કરશે. ઈરાન સાથેના સંઘર્ષને કારણે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પૈકીના એક એવા આ વિસ્તારમાં વૈશ્વિક ઉર્જા પુરવઠા અને શિપિંગની સુરક્ષા અંગે ચિંતાઓ વધી રહી છે.

## કર્ણાટક સરકારે પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરીઃ ૧૬ વર્ષથી નાના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

ભારતમાં પહેલીવાર કોઈ રાજયએ બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. કર્ણાટક સરકારે રાજ્યમાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ શુક્રવારે રાજ્યનું બજેટ (૨૦૨૬-૨૭) રજૂ કરતી વખતે આ મોટું એલાન કર્યું હતું. મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના મતે, બાળકોમાં મોબાઈલના વધતા જતા વપરાશની અત્યંત પ્રતિકૂળ અસરો જોવા મળી રહી છે. સરકાર ઈચ્છે છે કે, બાળકોમાં વધી રહેલી મોબાઈલ ફોનની લતને રોકવી જરૂરી છે. ઓનલાઈન ગેમિંગ અને સોશિયલ મીડિયાના કારણે




બાળકોના શિક્ષણ, શારીરિક ફિટનેસ અને માનસિક સ્વાસ્થ્ય પર પડી રહેલી નકારાત્મક અસરો પડી રહી છે. ગયા મહિને બેંગલુરુમાં આયોજિત કુલપતિ સંમેલનમાં મુખ્યમંત્રીએ આ મુદ્દે ગંભીર ચર્ચા કરી હતી અને શિક્ષણવિદોના મંતવ્યો પણ મંગાવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પ્રતિબંધની સાથે સરકારે ટેકનોલોજી ક્ષેત્રે પણ મોટી જાહેરાતો કરી છે.

બેંગલુરુ રોબોટિક્સ અને AI ઈનોવેશન ઝોનઃ IISc હેઠળના AI અને ટેક પાર્ક દ્વારા ISRO અને Keonics ના સહયોગથી એક અત્યાધુનિક રોબોટિક્સ અને AI કેમ્પસ સ્થાપવામાં આવશે. વિકાસ અને કલ્યાણનો સમન્વયઃ સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લાંબા ગાળાના આર્થિક પરિવર્તન સાથે જનકલ્યાણના કાર્યક્રમોને સંતુલિત કરવાની વ્યૂહરચના અપનાવી છે. પોતાનું ૧૭મું બજેટ રજૂ કરતા સિદ્ધારમૈયાએ કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે, કેન્દ્ર સરકાર ફેડરલ સિસ્ટમનું પાલન ન કરીને કર્ણાટક સાથે અન્યાય કરી રહી છે. તેમણે માંગ કરી હતી કે કેન્દ્ર સરકારે રાજયની માંગણીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવું જોઈએ. ઓસ્ટ્રેલિયા અને અન્ય ઘણા દેશો બાદ હવે ભારતનું કર્ણાટક રાજ્ય પણ બાળકોને ડિજિટલ દુનિયાના જોખમોથી બચાવવા માટે કડક કાયદા તરફ આગળ વધી રહ્યું છે.

## બિહાર બાદ યુપીના રાજકારણમાં ગરમાવો!: CM યોગી સાથે RSSની અઢી કલાક બંધબારણે બેઠક થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

બિહારમાં ૧૦ વખત મુખ્યમંત્રી રહી ચૂકેલા નીતીશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયે આખા દેશના રાજકારણમાં ખળભળાટ મચી ચુક્યો છે. દરમિયાન ઉત્તર પ્રદેશમાં પણ બેઠકોનો ધમધમાટ શરૂ થયો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગાઝિયાબાદમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના ટોચના પદાધિકારીઓ સાથે અઢી કલાક સુધી લાંબી ચર્ચા કરી છે. ગુરુવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું પ્લેન હિંડન એરબેઝ પર લેન્ડ થયું હતું, ત્યારબાદ તેમનો કાફલો સીધો નેહરુ નગર સ્થિત સરસ્વતી વિદ્યા મંદિર પહોંચ્યો હતો. અહીં તેમણે મેરઠ પ્રાંતના સંઘના પદાધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં શું ચર્ચા



થઈ તે અંગે અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. જાણકારી અનુસાર, આ બેઠકનો મુખ્ય હેતુ સરકાર અને સંઘ વચ્ચે સમન્વય સાધવાનો હતો. આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંઘના પદાધિકારીઓ સાથે રણનીતિ ઘડવામાં આવી હતી. સીએમ યોગીએ સરકારના કામકાજ અંગે સંઘ પાસેથી ગ્રાઉન્ડ લેવલનું ફીડબેક મેળવ્યું હતું.

સંઘના સભ્યોએ સરકારી હોસ્પિટલો અને શાળાઓમાં માળખાગત સુવિધાઓ સુધારવા તેમજ માનવ સંસાધન વધારવા પર ભાર મૂક્યો હતો.

બેઠકમાં માત્ર વિકાસની જ નહીં, પણ વહીવટી ખામીઓની પણ ચર્ચા થઈ હોવાનું જાણવા મળે છે. પોલીસ સ્ટેશનોમાં વ્યાપેલા ભ્રષ્ટાચારનો મુદ્દો સંઘના પદાધિકારીઓએ ઉઠાવ્યો હતો. વર્તમાન કામોની સાથે ભવિષ્યના રોડમેપ પર પણ સંઘે સરકારને અનેક સૂચનો આપ્યા હતા.

આ મહત્વની બેઠકમાં સંઘના અંદાજે ૪૦ જેટલા પદાધિકારીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીની સાથે યુપી ભાજપ પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરી, સંગઠન મંત્રી ધર્મપાલ સિંહ, ક્ષેત્ર સંઘચાલક સૂર્યપ્રકાશ ટોંક અને અન્ય દિગ્ગજ નેતાઓ પણ ઉપસ્થિત હતા. બેઠક બાદ મુખ્યમંત્રીએ સંઘના હોદ્દેદારો સાથે ભોજન પણ લીધું હતું.

### કચ્છ-ભૂજના દંપતીની કાનૂની લડાઈમાં સુપ્રીમ કોર્ટનો અસાધારણ ચુકાદો

## ભરણપોષણ ન ચુકવતા પતિના પગારમાંથી દર મહિને રૂ.૨૫,૦૦૦ કાપી લેવા SCનો આદેશ

### કોર્ટે કાપેલી આ રકમ પત્નીના બેન્ક એકાઉન્ટમાં RTGS મારફત ટ્રાન્સફર કરવાની પણ કંપનીને તાકીદ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

એક દુર્લભ આદેશમાં સુપ્રીમ કોર્ટે પત્ની અને ચાર વર્ષની પુત્રીને ભરણપોષણ ન ચુકવતા પતિના પગારમાંથી દર મહિને રૂ.25,000ની સીધી કપાત કરવાનો નોકરીદાતા કંપનીને આદેશ આપ્યો હતો. કોર્ટે કાપેલી આ રકમ પત્નીના બેન્ક એકાઉન્ટમાં RTGS મારફત ટ્રાન્સફર કરવાની પણ કંપનીને તાકીદ કરી હતી. આ મામલે પતિએ સ્વેચ્છાએ કોઈ રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો.જસ્ટિસ જે બી પારડીવાલા અને કે વી વિશ્વનાથનની ખંડપીઠે પતિ નિશાંત પ્રવિણભાઈ સોની વિરુદ્ધ ડિમ્પલે દાખલ કરેલી ટ્રાન્સફર અરજીની સુનાવણી કરતી વખતે આ આદેશ આપ્યો હતો. ટ્રાન્સફર પિટિશનમાં કચ્છ-ભૂજની ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ દાવાને ટ્રાન્સફર કરવાની માંગ કરાઈ હતી.



જસ્ટિસ પારડીવાલાની આગેવાની હેઠળની ખંડપીઠે નોંધ્યું હતું કે 16 ડિસેમ્બર, 2025એ અગાઉ આદેશ આપવા છતાં પતિ મધ્યસ્થી કાર્યવાહી માટે તેની પત્ની અને સગીર પુત્રીના મુસાફરી ખર્ચ માટે રૂ.25,000 જમા કરાવવામાં નિષ્ફળ ગયો હતો. ચુકાદામાં જણાવાયું હતું કે અત્યાર સુધી પતિએ તેની પત્નીને કે તેની સગીર પુત્રીને એક પણ પૈસો ચૂકવવાની તસ્દી લીધી નથી. કમનસીબે તેને છેલ્લા ચાર વર્ષથી તેની સગીર પુત્રીની પણ કોઈ રીતે સંભાળ રાખી નથી. સુનાવણી દરમિયાન ખંડપીઠે પતિએ દાખલ કરેલા સોગંદનામાની ચકાસણી કરી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે તેનો માસિક પગાર રૂ.50,000 છે અને વાર્ષિક આવક રૂ.6 લાખ છે. તેની પાસે કોઈ મોટી સંપત્તિ નથી અને તે લોન ચુકવણી સહિત નાણાકીય જવાબદારીઓનો સામનો કરી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે સવાલ કર્યો હતો કે તેઓ વચગાળાના ભરણપોષણ માટેના બાકીના રૂ.1.38 લાખ સહિત રૂ.2.5 લાખ જમા કરવા તૈયાર છે કે નહીં. તેનો પતિએ ઈનકાર કર્યો હતો. આ પછી ખંડપીઠે આદેશ આપ્યો હતો કે આવા સંજોગોમાં અમારી પાસે પ્રતિવાદી પતિના એમ્પ્લોયરને તેના પગારમાંથી દર મહિને રૂ.25,000 કાપવાનો આદેશ આપ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રિશદ શિપિંગ એન્ડ ક્લિયરિંગ એજન્સી પ્રાઈવેટ લિમિટેડને RTGS દ્વારા કાપેલી આ રકમ પત્નીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાનો પણ આદેશ આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે દંપતીની સગીર પુત્રીના કલ્યાણને ધ્યાનમાં રાખીને આ આદેશ જરૂરી હતો, કારણ કે પુત્રીની સંભાળ ફક્ત તેની માતા દ્વારા જ લેવામાં આવે છે.આ કેસમાં પતિ-પત્ની 2022થી અલગ રહેતા હતાં. પત્નીએ સંપૂર્ણ અને અંતિમ સમાધાન તરીકે રૂ.40 લાખ માંગ્યા હતાં.

### ખામેનેઈના મોત બાદ નરમ પડવાના બદલે ઈરાન વધુ આક્રમક બન્યું

## ઈરાન મરણિયું બન્યું, ટ્રમ્પ-નેતાન્યાહૂને લોહીલુહાણ કરી દેવાની ચીમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

અમેરિકા-ઈઝરાયેલના અવિરત હુમલાઓથી પારાવાર નુકસાન થવા છતાં ઈરાન પીછેહઠ કરવાના મૂડમાં નથી. કટોકટીના આ સમયમાં ઈરાન મરણિયુ બન્યું છે અને ટ્રમ્પ-નેતાન્યાહૂને લોહીલુહાણ કરવાની ચીમકી આપી છે. યુદ્ધ જહાજને નષ્ટ કરવાની ભારે કિંમત અમેરિકાએ ચૂકવવી પડશે તેવી ચીમકી આપવાની સાથે ઈરાને વધારે આક્રમક હુમલા કર્યા છે. સમરાંગણના છઠ્ઠા દિવસે ઈરાને અઝરબૈઝાન પર ડ્રોન હુમલા કરતાં યુદ્ધની આગ વધારે વિકરાળ બની છે તથા ૧૪ અન્ય દેશો પણ તેની ઝપટમાં આવ્યા છે.સર્વોચ્ચ નેતા ખામેનેઈના મોત બાદ ઈરાન નરમ પડશે તેવી માન્યતા સાથે યુએસ-ઈઝરાયેલની સેનાએ દરેક વ્યૂહાત્મક મોરચે હુમલા કર્યા છે. સૈન્ય મથકો, નેતાઓની બેઠક, અણુમથકોમાં તબાહી ફેલાવવામાં યુએસ-ઈઝરાયેલે કોઈ કસર રાખી નથી. શ્રીલંકાના દરિયા ઈરાનના યુદ્ધ જહાજ પર ટોરપિડો ઝીંકી તેને યુએસ સૈન્ય દ્વારા નષ્ટ કરી દેવાયુ હતું, જેમાં ૮૭થી વધુ મોત થયાનો અંદાજ છે. અમેરિકાને આ હુમલા માટે પસ્તાવો થાય તેવો પાઠ ભણાવવાની ચીમકી ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘાચીએ આપી છે. આ યુદ્ધમાં ઈરાનમાં ૧૨૩૦, લેબનોનમાં ૭૦ અને ઈઝરાયેલમાં ૧૨થી વધુ મોત થયા છે, જ્યારે ૬ અમેરિકન સૈનિકો માર્યા ગયા છે.






## નીતિશ કુમારના રાજ્યસભામાં જવાના નિર્ણયનો હવે પરિવારમાં જ વિરોધઃ બે દિગ્ગજ નેતાઓ પર ષડયંત્રનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

રાજ્યસભા જવાનો નિર્ણય લઈને નીતીશ કુમારે સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. તેમના બિહાર છોડવાથી માત્ર કાર્યકરો જ નહીં પરંતુ પરિવારના સભ્યો પણ આઘાતમાં છે.

પરિવાર પણ ઈચ્છતો નથી કે મુખ્યમંત્રી નીતીશ કુમાર રાજ્યસભામાં જાય. સીએમએ ભલે એક્સ (X) પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેઓ હવે રાજ્યસભા જવા માંગે છે, પરંતુ પરિવાર આ નિર્ણયને ષડયંત્ર ગણાવી રહ્યો છે. મુખ્યમંત્રી નીતીશ કુમારના સાળા અનિલ કુમારે કેન્દ્રીય મંત્રી લલન સિંહ અને સાંસદ સંજય ઝા પર ગંભીર આરોપો લગાવ્યા છે. મીડિયા સાથેની વાતચીતમાં અનિલ કુમારે કહ્યું, "કાર્યકરોનું તો સ્પષ્ટ કહેવું છે કે લલન સિંહ અને સંજય ઝા આ બધું કરી રહ્યા છે. ટિકિટ વહેંચણીના સમયથી જ આ બધું થયું છે. ચિરાગ પાસવાનને આટલી બેઠકો આપવાની શું જરૂર હતી. રમત તો ત્યાં જ થઈ છે. ષડયંત્ર વિના તો આ થઈ શકે નહીં." અનિલ કુમારે સવાલ ઉઠાવ્યો કે નીતીશ કુમાર મુખ્યમંત્રી બન્યાના ૧૧૦ દિવસ બાદ જ રાજ્યસભાના ઉમેદવાર બની ગયા. તેમણે કહ્યું કે અહીં આખી પાર્ટીમાં રાવણો બેઠા છે. જ્યાં સુધી નિશાંત (નીતીશ કુમારનો પુત્ર) નહીં આવે ત્યાં સુધી પાર્ટી બચશે નહીં. બીજી તરફ પટનામાં જેડીયુના નારાજ કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પોસ્ટર પર કાળી શાહી લગાડી.

નીતીશ કુમારના નિર્ણયનો વિરોધ કર્યો. તમને જણાવી દઈએ કે ગત ગુરુવારે (૦૫ માર્ચ, ૨૦૨૬) બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે રાજ્યસભા જવા માટે નામાંકન ભર્યું હતું. ત્યારથી જ જેડીયુના કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. કાર્યકરો આને ષડયંત્ર ગણાવી રહ્યા છે. તેઓ નીતીશ કુમારને આ નિર્ણય પાછો ખેંચવા માટે કહી રહ્યા છે. બીજી તરફ વિપક્ષ પણ સવાલ ઉઠાવી રહ્યો છે. આરજેડીના પ્રવક્તા શક્તિ સિંહ યાદવે કહ્યું, "સત્ય સામે આવી ગયું છે! નીતીશ કુમારજીએ સ્વેચ્છાએ નહીં, પરંતુ ભાજપના ટોચના નેતૃત્વના ભારે દબાણમાં રાજીનામું આપીને રાજ્યસભાનું નામાંકન કર્યું છે.

ચૂંટણીમાં ભાજપ અને જેડીયુનો વાયદો હતો '૨૫ થી ૩૦, ફરીથી નીતીશ', પરંતુ પહેલા જ બજેટ સત્રમાં, માત્ર ૩ મહિનાની અંદર ભાજપે તેમને 'ફિનિશ' કરી દીધા છે."

# તંત્રી લેખ......

## નીતીશ વગર બિહાર

બિહાર વિધાનસભાની ચૂંટણી પછી, એવી અટકળો ચાલી રહી હતી કે દસમી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લેનારા નીતીશ કુમાર તેમનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ નહીં કરે. જો કે, એવી શક્યતા નહોતી કે તેઓ બિહારની બાગડોર છોડીને પાંચ મહિનામાં રાજ્યસભામાં પ્રવેશવાનો નિર્ણય લેશે. પરંતુ આખરે, આ જ થવાનું છે.

તેમણે રાજ્યસભા માટે ઉમેદવારી નોંધાવી છે, અને હવે તેમના પછી મુખ્યમંત્રી કોણ બનશે તે નક્કી કરવાની રાહ જોવાઈ રહી છે. પ્રશ્ન હજુ પણ અનુત્તરિત છેઃ શું રાજ્યનું નેતૃત્વ જનતા દળ-યુના નેતા દ્વારા કરવામાં આવશે કે ભાજપ દ્વારા? સૌથી વધુ સંભવિત પરિસ્થિતિ એ છે કે મુખ્યમંત્રી પદ ભાજપને અને ઉપમુખ્યમંત્રી પદ જનતા દળ-યુના નેતા (જેડી-યુ) ને જશે, પરંતુ એ કહેવું મુશ્કેલ છે કે નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર રાજકારણમાં પ્રવેશ કરશે અને નવી સરકારમાં ભૂમિકા ભજવશે કે નહીં.

સ્પષ્ટ છે કે નીતિશ કુમારનો મુખ્યમંત્રી તરીકેનો લાંબો કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. આ એક રીતે એક યુગનો અંત દર્શાવે છે. રાજ્યસભાની ઉમેદવારી માટે નીતિશ કુમારનો તર્ક સંસદના ઉપલા ગૃહમાં પ્રવેશવાની તેમની ઈચ્છા હતી, પરંતુ આ બહુ ખાતરીકારક લાગતું નથી, કારણ કે મુખ્યમંત્રી અને તેમના પક્ષના સર્વોચ્ચ નેતા માટે રાજ્યસભામાં સેવા આપવા માટે રાજ્યની બાગડોર છોડી દેવી સ્વાભાવિક નથી લાગતું.

શક્ય છે કે નીતિશ કુમારે સ્વાસ્થ્યના કારણોસર મુખ્યમંત્રી પદ છોડી દેવાનો નિર્ણય લીધો હોય. જો ખરેખર મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવા અને રાજ્યસભામાં જવા પાછળનું આ મુખ્ય કારણ છે, તો તેઓ પ્રશંસાને પાત્ર છે, કારણ કે આજના વિશ્વમાં ખરાબ સ્વાસ્થ્યને કારણે નેતાઓ દ્વારા આટલું ઉચ્ચ પદ છોડવું દુર્લભ છે.

રાજ્યસભામાં તેમના પ્રવેશના સમાચાર આવતાની સાથે જ, વિરોધ પક્ષો તરફથી એવો અવાજ ઉઠ્યો કે ભાજપે નીતિશ કુમારને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા દબાણ કર્યું છે, કારણ કે તેઓ કોઈ સામાન્ય નેતા નથી. એ સાચું છે કે ભાજપ વિધાનસભામાં સૌથી મોટો પક્ષ છે, પરંતુ સંખ્યાની દ્રષ્ટિએ જદયુ તેનાથી માત્ર ચાર બેઠકો ઓછી છે.

એ પણ નોંધવું જોઈએ કે જદયુ પાછલી વિધાનસભા કરતાં ઘણી સારી સ્થિતિમાં છે. તેથી, કોઈપણ મૂલ્યાંકન કે ભાજપે તેમને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવા દબાણ કર્યું તે વાજબી ઠેરવી શકાય નહીં. નીતિશ કુમાર ચોક્કસપણે રાજ્યસભામાં જઈ રહ્યા છે, પરંતુ તેમણે લગભગ ૨૦ વર્ષના શાસન દરમિયાન બિહારને પાટા પર પાછું લાવ્યું છે અને અસંખ્ય સમસ્યાઓ દૂર કરી છે તે જોતાં, તેમના અનુગામીને રાજ્યને ઝડપથી આગળ વધારવાનો પડકારનો સામનો કરવો પડશે.

# અમદાવાદઃ હોટલોના ભાડા સાતમા આસમાને પહોંચ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ટી૨૦ વર્લ્ડકપની ફાઈનલ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની છે. ટીમ ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળશે. આ મેચને લઈને અમદાવાદ શહેરમાં અલગ જ માહોલ જામ્યો છે. દેશના અલગ અલગ રાજ્યોથી અને વિદેશથી પણ લોકો મેચ જોવા માટે આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાનું આગમન અમદાવાદમાં થઈ ગયું છે જે સિંધુ ભવન પર આવેલ તાજ હોટલમાં રોકાશે અને ન્યૂઝીલેન્ડની ટીમ વસ્ત્રાપુરની આઈટીસી નર્મદા હોટલમાં રોકાવાની છે. જોકે આ બધા વચ્ચે હાલ અમદાવાદની હોટલોના ભાડાને જાણીને તમે નવાઈ પામી જશો. બહારથી આવી રહેલા લોકો અમદાવાદની હોટલોમાં રોકાશે તે વાત સામાન્ય છે. જેથી લોકોના આગમનની સાથે શહેરની હોટલોના રૂમના ભાડા પણ વધી ગયા છે. શહેરમાં આવેલ હોટલોમાં ૧૫ હજારથી ૮૯ હજાર સુધી પહોંચ્યા છે. લોકો જેમ બને તેમ બધી હોટલોના રૂમ બુક કરાવી રહ્યા છે. આવતીકાલ સુધીમાં હોટલોના રૂમ બુક થઈ જશે અને ભાડા વધી પણ શકે છે. અમદાવાદની હોટલોમાં એવરેજ ૧૦ હજાર જેટલા રૂમ છે. જેના ભાડા સામાન્ય દિવસોમાં ૫ થી ૧૫ હજાર સુધી હોય છે. ફાઈનલ મેચને લઈને ફ્લાઈટના ભાવમાં ધરખમ વધારો થયો છે. એરફેરમાં સામાન્ય દિવસ કરતા ૪ થી ૫ ગણો વધારો નોંધાયો છે.

મુંબઈ અમદાવાદ વન વે ફેર ૧૭ હજાર અને રિટર્નના ભાવ ૧૨ હજાર

દિલ્હી અમદાવાદ વન વે ફેર ૧૩ હજાર અને રિટર્ન ૧૪ હજાર

ચેન્નઈ-અમદાવાદ વન વે એર ફેર ૬ હજારથી ૧૭ હજાર થયું

કોલકાતા-અમદાવાદનું એર ફેર ૫ હજારથી વધીને ૧૫ હજાર

આ સિવાય બિઝનેસ ક્લાસમાં તો ટિકિટના ભાવ ૩૫થી ૪૦ હજાર સુધી પહોંચી શકે છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં પરીક્ષાઓ હોવાથી એરફેર નીચા હોય છે. મુંબઈથી અમદાવાદની વાત કરીએ તો માર્ચમાં સામાન્ય દર ૨૫૦૦થી ૩ હજાર રૂપિયા સુધીનો હોય છે. પરંતુ આ વખતે ટી૨૦ વર્લ્ડ કપની ફાઈનલ મેચને કારણે ફ્લાઈટના ભાવ પણ સાતમા આસમાને પહોંચી ગયા છે. ઉલ્લેખનીય છે કે ટીમ ઈન્ડિયા ફાઈનલમાં પહોંચ્યા બાદ દેશભરમાં ક્રિકેટ રસિકોમાં ઉત્સાહનો માહોલ છે. જેની અસર અમદાવાદમાં દેખાઈ રહી છે. શહેરના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ટીમ ઈન્ડિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે કાંટાની ટક્કર થવાની છે. શનિવારે બંને ટીમો નરેન્દ્રમોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ કરશે સાથે જ પ્રેસ કોન્ફરન્સ પણ કરવાની છે.

# પાટણ જિલ્લામાં તંત્ર દ્વારા ગરીબ મહિલાઓ સાથે મજાક ઉડાડવામાં આવીઃ ગરીબ મહિલાઓને સરકારી કાર્યક્રમમાં કલાક સુધી બેસાડી રાખીને સિલાઈ મશીન જ ન આપ્યા

## આખો કાર્યક્રમ પુરો થયો અને છેલ્લી ઘડીએ સિલાઈ મશીન આપવાનો કર્યો ઈન્કારઃ મશીન છેલ્લા ૩ મહિનાથી ધુળ ખાઈ રહ્યા છે

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

પાટણ જિલ્લા પંચાયતમાં ગઈ કાલે હાઈવોલ્ટેજ ડ્રામા જોવા મળ્યો હતો. સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ અંતર્ગત મહિલાઓને સિલાઈ મશીન વિતરણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. પરંતુ સ્ટેજ પર પ્રોગ્રામ પુરો થયા બાદ અચાનક વિતરણ મુલત્વી રાખવામાં આવતા મહિલાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. મહિલાઓએ કહ્યુ હતુ કે કલાકો સુધી રાહ જોવડાવ્યા બાદ કોઈ અધિકારી ન ડોકાતા રોષે ભરાયેલી મહિલાઓએ ડીડીઓ કચેરી બહાર ધરણાં પ્રદર્શન યોજયુ હતું. રાજકીય ખેંચતાણ માં ગરીબ મહિલાઓ ઉનાળાની કાળઝાળ ગરમીમાં હેરાન પરેશાન થઈ ગઈ હતી. પાટણ જિલ્લા પંચાયત દ્વારા સામાજિક ન્યાય નિધિ હેઠળ ૧૧૨ જેટલી લાભાર્થી મહિલાઓને પત્ર લખીને સિલાઈ મશીન માટે તેડાવવામાં આવ્યા હતા. સ્ટેજ પર કાર્યક્રમ પુરો થયો, ફોટા પડાયા પણ જયારે મશીન આપવાનો સમય થયો ત્યારે અધિકારીઓએ મશીન આપવાનો ઈન્કાર કરી દેતા મહિલાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો. દુર દુર થી ભાડા બગાડી આવેલી મહિલાઓ વિમાસણમાં મુકાઈ ગઈ હતી. કલાકો સુધી કોઈ પદાધિકારી કે અધિકારી સ્થળ પર ન આવતા મહિલાઓનો પારો સાતમા આસમાને પહોચી ગયો હતો અને તેઓએ સીધા જ જિલ્લા વિકાસ



અધિકારીની કચેરી બહાર ધામા નાખ્યા હતા. આ સમગ્ર મામલે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. તો બીજી તરફ આ અંગેના સમાચારો પાટણના ધારાસભ્ય કિરીટ પટેલને મળતા તેઓ તાત્કાલીક જિલ્લા પંચાયત દોડી આવ્યા હતા અને મહિલાઓની વ્યથા સાંભળી હતી. તો બીજી તરફ સામાજિક ન્યાય સમિતિના ચેરમેન નિકીતાબેન પરમારે ગંભીર આક્ષેપ કર્યો હતો કે જિલ્લા પંચાયતના પૂર્વ મહિલા પ્રમુખના પતિ અને કોંગ્રેસના મહિલા સદસ્યના પતિએ આક્ષેપો સાથે વાંધો રજુ કરતા મશીન વિતરણ મુલત્વી રાખવામાં આવ્યા હતા. જિલ્લા પંચાયતના અધિકારી / પદાધિકારીઓની ઉપસ્થિતિમાં મશીન વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. લાભાર્થી મહિલાઓના સિલાઈ મશીન છેલ્લા ૩ મહિનાથી આવી પડી રહ્યા છે. લાભાર્થી મહિલાઓને સિલાઈ મશીન મળી રહે તે માટે અમે સતત પ્રયત્નો કરતા હતા, છેલ્લા ૩ મહિનાથી સિલાઈ મશીનો ધુળ ખાઈ રહ્યા છે અને જયારે વિતરણનો સમય આવ્યો ત્યારે પતિરાજના વિખવાદમાં મહિલાઓ લાભ થી વંચિત રહી ગઈ હતી. સમગ્ર મામલે જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલે સ્પષ્ટતા કરી હતી કે લાભાર્થીઓની યાદીમાં કેટલીક અરજીઓ ખોટી રીતે આવી હોવાની રજુઆત મળતા કાર્યક્રમ છેલ્લી ઘડીએ મુલત્વી રાખવો પડયો હતો. તંત્રએ ખાત્રી આપી હતી કે તપાસ્યા બાદ સાચા લાભાર્થીઓને જ સિલાઈ મશીન અપાશે. જો કે સરકારી વિવાદ અને રાજકીય લડાઈમાં ગરીબ મહિલાઓને ભર ઉનાળે કાળઝાળ ગરમીમાં ખાલી હાથે પરત ફરવુ પડતા વહિવટી તંત્ર સામે અનેક સવાલો ઉભા થયા છે. ભર ઉનાળે કાળઝાળ ગરમીમાં કલાકો સુધી બેસાડી રાખ્યા બાદ ખાલી હાથે પરત ફરવુ પડતા મહિલાઓમાં જિલ્લા પંચાયતના વહિવટી કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી હતી.

### અટલ સાંસદ જનસેવા કેન્દ્ર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે પોર્ટલનું વિધિવત લોન્ચિંગ

# વડોદરામાં “એમપી ઓફિસ ઈ-પોર્ટલ” લોન્ચઃ નાગરિકોને હવે મોબાઈલથી મળશે સાંસદ કાર્યાલયની સેવાઓ

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ઈ-ગવર્નન્સને પ્રોત્સાહન આપતા સાંસદ ડો. હેમાંગભાઈ જોશીના એક નવતર પ્રયોગના ભાગરૂપે એમપી ઓફિસ ઈ-પોર્ટલનું આજે વડોદરામાં લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. અટલ સાંસદ જનસેવા કેન્દ્ર, વડોદરા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે આ પોર્ટલનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું. આ પોર્ટલ દ્વારા નાગરિકોને હવે સાંસદ કાર્યાલય સંબંધિત વિવિધ સેવાઓ અને માહિતી પોતાના મોબાઈલના ફિંગરટિપ્સ પર ઉપલબ્ધ થશે. ડિજિટલ ઈન્ડિયા તરફ આગળ વધી રહેલા દેશમાં નાગરિકોને નાની નાની બાબતો માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે હેતુસર આ ઈ-પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલના માધ્યમથી નાગરિકો સાંસદ સાથે મુલાકાત માટે અપોઈન્ટમેન્ટ માંગણી કરી શકશે, આગામી કાર્યક્રમો અને ઈવેન્ટ્સનું શેડ્યૂલ જાણી શકશે તેમજ એમપી લેડ્સ (MP-LADS) હેઠળના વિકાસકાર્યોની માહિતી પણ મેળવી શકશે. સાથે જ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિશેની માહિતી પણ સરળતાથી ઉપલબ્ધ થશે.

આ ઉપરાંત નાગરિકો ઘરે બેઠા જ પોર્ટલ મારફતે પોતાની રજૂઆતો અને સૂચનો પણ સાંસદ કાર્યાલય સુધી પહોંચાડી શકશે, જેના પરિણામે સમય અને ખર્ચ બંનેની બચત થશે. લોકસભા સત્ર દરમિયાન સાંસદ દિલ્હી ખાતે હોય ત્યારે પણ નાગરિકોની રજૂઆતો સીધી પોર્ટલ મારફતે પ્રાપ્ત થઈ શકશે અને તેને ઈમેઈલ અથવા ટેલિફોનિક સંદેશ દ્વારા યોગ્ય પ્રતિસાદ આપી શકાશે.

નાગરિકો ૯૫૧૨૭ ૬૯૮૩૪ નંબર પર “Namaste” લખીને સંદેશ મોકલશે તો તરત જ એમપી ઓફિસ પોર્ટલનું મુખ્ય મેનુ તેમના મોબાઈલ પર ઉપલબ્ધ થશે. આ મેનુ મારફતે સાંસદનો સંપર્ક, સોશિયલ મીડિયા લિંક્સ, અપોઈન્ટમેન્ટ રિક્વેસ્ટ, એમપી લેડ્સના કાર્યોની માહિતી સહિત વિવિધ સેવાઓનો લાભ મેળવી શકાશે.

હાલમાં પોર્ટલ અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ છે, પરંતુ આગામી સમયમાં તેને ગુજરાતી અને હિન્દી ભાષામાં પણ ઉપલબ્ધ બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

આ પહેલ વડોદરા જિલ્લામાં ઈ-ગવર્નન્સને વધુ મજબૂત બનાવશે અને નાગરિકો તથા જનપ્રતિનિધિઓ વચ્ચે ઝડપી અને પારદર્શક સંવાદ સુનિશ્ચિત કરશે. આ વેળાએ રાજ્ય મંત્રી શ્રી મનિષાબેન વકીલ, દંડક શ્રી બાળકૃષ્ણભાઈ શુક્લ, સાંસદ ડો. હેમાંગભાઈ જોશી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી ગાયત્રીબા, મહિડા ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, શ્રી શૈલેષભાઈ મહેતા, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રી ચૈતન્યભાઈ દેસાઈ, શ્રી કેયુરભાઈ રોકડિયા, શ્રી કેતનભાઈ ઈનામદાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહ નિમિત્તે ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં મહિલાઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિર

આંતરરાષ્ટ્રીય મહિલા સપ્તાહના અવસરે તા. ૦૬.૦૩.૨૦૨૬ (શુક્રવાર)ના રોજ પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલમાં મહિલાઓ માટે વિશેષ આરોગ્ય તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



આ શિબિરનું આયોજન મંડળ રેલવે હોસ્પિટલના મુખ્ય તબીબી અધિક્ષક ડૉ. મનોજ કુમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.આ આરોગ્ય તપાસ શિબિર ખાસ કરીને મંડળની મહિલા કર્મચારીઓ તથા તેમના પરિવારની મહિલાઓને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવી હતી, જેથી તેઓ પોતાની વ્યસ્ત દૈનિક જીવનશૈલી વચ્ચે પોતાના આરોગ્યની નિયમિત તપાસ અને દેખરેખ સુનિશ્ચિત કરી શકે અને સંભવિત બીમારીઓની સમયસર ઓળખ થઈ શકે.હોસ્પિટલ પ્રશાસન મુજબ આજના સમયમાં દોડધામભરી જીવનશૈલી, તણાવપૂર્ણ કાર્ય પરિસ્થિતિ અને અનિયમિત દૈનિક વ્યવહારના કારણે ઉચ્ચ રક્તચાપ, ડાયાબિટીસ, હૃદયરોગ, મોટાપો તેમજ સર્વાઈકલ કેન્સર જેવી જીવનશૈલી સંબંધિત બીમારીઓનું જોખમ ઝડપથી વધી રહ્યું છે. આવી સ્થિતિમાં નિયમિત અને વાર્ષિક આરોગ્ય તપાસ આ બીમારીઓની પ્રારંભિક અવસ્થામાં ઓળખ કરીને અસરકારક સારવાર અને રોકથામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે આ અવસરે પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સમિતિની અધ્યક્ષા શ્રીમતી શાલિની વર્મા વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે મહિલાઓના આરોગ્ય પ્રત્યે હોસ્પિટલ પ્રશાસન દ્વારા કરવામાં આવેલા આ પ્રશંસનીય પ્રયાસની સરાહના કરતાં જણાવ્યું કે આવા આરોગ્ય જાગૃતિ કાર્યક્રમો મહિલાઓને પોતાના આરોગ્ય પ્રત્યે વધુ જાગૃત અને સજાગ બનવા માટે પ્રેરિત કરે છે. ભાવનગર મંડળ રેલવે હોસ્પિટલ પ્રશાસને ભવિષ્યમાં પણ આ પ્રકારની આરોગ્ય તપાસ શિબિરો અને આરોગ્ય જાગૃતિ કાર્યક્રમો નિયમિત રીતે આયોજિત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે, જેથી રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોના ઉત્તમ આરોગ્ય અને કલ્યાણને સુનિશ્ચિત કરી શકાય.

# ગુજરાતના ૩૭ જેટલા આઈપીએસ અધિકારીઓની કરાઈ બદલીઓઃ ડીજીપીથી માંડી એસપી કક્ષા સુધીના અધિકારીઓની કરાઈ બદલી

પ્રતિનિધિ,ગાંધીનગર

મહિનાઓથી જેની રાહ જોવાતી હતી તેનો હવે અંત આવી ગયો છે. રાજય સરકારના ગૃહ વિભાગે આજે સવારે એક સાથે ડીજીપી થી લઈને એસપી સુધીના ૩૭ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલી અને નિમણુંકોના હુકમ કરતા ચર્ચાનો દોર શરૂ થયો છે. ૬ મહિનાથી નિમણુંક ની રાહ જોઈ રહેલા વર્ષ ૨૦૧૧ બેચના આઈપીએસ અધિકારીઓ બદલીઓના હુકમ થી ખુશ છે. ડીજીપી શમશેરસિંઘ થી માંડીને એસપી મયુર પાટીલ સુધીના અધિકારીઓને નિમણુંક અપાઈ છે.

ડેપ્યુટેશન પરથી પરત આવેલા અને નિમણુંકની રાહ જોઈ રહેલા શમશેરસિંઘ ને ડીરેકટર સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડ માં નિમણુંક આપવામાં આવી છે, રાજકોટ રેન્જના આઈજી અશોક યાદવને આઈબી ગાંધીનગર ખાતે બદલી કરવામાં આવી છે.

આઈજીપી એડમેન ગગનદીપ ગંભીર ને સ્ટેટ મોનીટરીંગ સેલનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગગનદીપ ગંભીર છેલ્લા કેટલાય સમયથી બદલીઓના પ્રકરણમાં વિવાદોમાં આવ્યા હતા, ત્યારે કેટલીકવાર બદલીઓની જવાબદારી ખુર્શીદ આલમને સોંપવામાં આવી હતી, ત્યારે સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે નજીકના સમયગાળામાં ગગનદીપ ગંભીર પાસેથી એડમેનની જવાબદારી લઈ ખુર્શીદ આલમને સોંપવામાં આવે તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે. તો બીજી તરફ ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમાર ને સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે ગાંધીનગર ખાતે મુકવામાં આવ્યા છે.

સુરત શહેરના સંયુકત પોલીસ કમિશ્નર રાઘવેન્દ્ર વત્સને અમદાવાદ રેન્જ ની ખાલી પડેલી જગ્યા પર મુકવામાં આવ્યા છે. જુનાગઢ રેન્જ



આઈજી નિલેશ જાજડીયાએ વડોદરા સેકટર ૨, ક્રાઈમ અને એલએન્ડઓ તરીકે મુકયા છે, એસીબીના એડીશનલ ડાયરેકટર બિપીન આહીરે ને સાયબર સેન્ટર ફોર એકસેલન્સ આઈજી તરીકે મુકવામાં આવ્યા છે. કોસ્ટલ સીકયુરીટીના આઈજી પીએલ માલ ને એસીબી ડાયરેકટર બનાવાયા છે. અમદાવાદ ટ્રાફીક ના જેસીપી એન એન ચૌધરીની ગાંધીનગરના આઈબી ખાતે બદલી કરાઈ છે. જેલોના આઈજી એ જી ચૌહાણને અમદાવાદ શહેર ટ્રાફીકના જેસીપી બનાવાયા છે. પંચમહાલ-ગોધરા રેન્જના આઈજી આર વી અસારીને ભાવનગર રેન્જમાં મુકાયા છે. સુરત સેકટર-૨ ના જેસીપી કે એન ડામોરની સીઆઈડી ક્રાઈમ ખાતે બદલી કરાઈ છે. એસીબીના જોઈન્ટ ડાયરેકટર મકરંદ ચૌહાણની કાયદો વ્યવસ્થા ખાતે બદલી કરાઈ છે. સીઆઈડી ક્રાઈમ અને રેલ્વે ના આઈજી પરીક્ષિતા રાઠોડની નવી બનેલી બનાસકાંઠા રેન્જમાં નિમણુંક કરવામાં આવી છે. અમદાવાદમાં વિશેષ શાખાના એડીશનલ સીપી વિધિ ચૌધરીને પંચમહાલ-ગોધરા રેન્જમાં મુકવામાં આવ્યા છે.

હથિયાર એકમના ડીઆઈજી વિશાલકુમાર વાઘેલાને સ્ટેટ મોનીટરીંગ સેલમાં બદલી કરવાની સાથે સાથે પોલીસ ભરતીનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે. વડોદરા ક્રાઈમ એન્ડ એલ એન્ડ ઓ ના એડીશનલ સીપી લીના પાટીલને કરાઈ પોલીસ એકેડેમી ખાતે બદલી કરવામાં આવી છે.

સ્ટેટ મોનીટરીંગ સેલના ડીઆઈજી નિર્લિપ્ત રાય ને રાજકોટ રેન્જમાં મુકવામાં આવ્યા છે. એલએન્ડઓ ના ડીઆઈજી દિપકકુમાર મેઘાણીને એન્ટી કરપ્શન બ્યુરો ખાતે નિમણુંક આપવામાં આવે છે, રાજકોટ ક્રાઈમ , ટ્રાફીક અને એડમીનના મહેન્દ્ર બગરીયાને સુરત શહેર સેકટર ૨ ખાતે મુકવામાં આવ્યા છે, વડોદરા હથિયારી એકમનો વધારાનો હવાલો સંભાળતા રાજેન્દ્રસિંહ ચુડાસમાને જુનાગઢ રેન્જ આઈજી તરીકે મુકવામાં આવ્યા છે.

નિમણુંકની પ્રતિક્ષામાં હતા તેવા અધિકારીઓની પણ નિમણુંક કરવામાં આવી છે. જેમાં (૧) ડીઆઈજી હિતેશ જોઈસરને આઈબી ગાંધીનગર ખાતે (૨) તરૂણ દુગ્ગલ ને અમદાવાદ શહેર એડમીનીસ્ટ્રેશન (૩) ચૈતન્ય માંડલીક ને રાજકોટ ના એડી. સીપી, ટ્રાફીક અને વહિવટ તરીકે (૪) સરોજકુમારી ને વડોદરા જેલ ડીઆઈજી તરીકે (૫) આર પી બારોટને જેલ વિભાગમાં ડીઆઈજી તરીકે (૬) જી એ પંડયાને રાજકોટ જેલના ડીઆઈજી તરીકે (૭) જી એ પંડયાને રાજકોટ જેલના ડીઆઈજી તરીકે (૮) આર ટી સુસરાને એડી. સીપી સ્પેશયલ બ્રાન્ચ અમદાવાદ ખાતે (૯) સુધા એસ પાંડેય ને વડોદરા હથિયારી એકમ ખાતે (૧૦) સુજાતા મજમુદારને હથિયારી એકમ ગાંધીનગર ખાતે (૧૦) એસ પી મુયર પાટીલને એસપી સાયબર સીકયુરીટી એકસેલેન્સ ખાતે

# પશ્ચિમ રેલવે ચલાવશે ચાર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને બાંદ્રા ટર્મિનસ–અમદાવાદ, અમદાવાદ–છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ તથા અમદાવાદ–પુણે વચ્ચે વિશેષ ભાડે ચાર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે.ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નં. ૦૯૦૨૯/૦૯૦૩૦ બાંદ્રા ટર્મિનસ–અમદાવાદ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૦૨ ફેરા]

ટ્રેન નં. ૦૯૦૨૯ બાંદ્રા ટર્મિનસ–અમદાવાદ સ્પેશિયલ રવિવાર, ૦૮ માર્ચ ૨૦૨૬ના રોજ ૦૦:૦૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૦૮:૪૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

તે જ રીતે ટ્રેન નં. ૦૯૦૩૦ અમદાવાદ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ ૦૩:૨૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૧૧:૩૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, ભરૂચ અને વડોદરા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, એસી ૨-ટિયર અને એસી ૩-ટિયર ના કોચ હશે.

૨. ટ્રેન નં. ૦૯૦૪૪/૦૯૦૪૩ અમદાવાદ-બાંદ્રા ટર્મિનસ એસી સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૦૨ ફેરા]

ટ્રેન નં. ૦૯૦૪૪ અમદાવાદ–બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ ૦૩:૫૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૧૨:૧૫ વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.

તે જ રીતે ટ્રેન નં. ૦૯૦૪૩ બાંદ્રા ટર્મિનસ–અમદાવાદ સ્પેશિયલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ ૧૪:૩૦ વાગ્યે બાંદ્રા ટર્મિનસથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૨૨:૫૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, ભરૂચ, સુરત, વાપી, અને બોરીવલી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૩-ટિયર ના કોચ હશે.

૩. ટ્રેન નં. ૦૧૧૫૪/૦૧૧૫૩ અમદાવાદ – છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સુપરફાસ્ટ એસી સ્પેશિયલ ૨૦૨ ફેરા]

ટ્રેન નં. ૦૧૧૫૪ અમદાવાદ–છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ સ્પેશિયલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ ૦૪:૦૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૧૨:૫૫ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ પહોંચશે. તે જ રીતે ટ્રેન નં. ૦૧૧૫૩ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ–અમદાવાદ સ્પેશિયલ શનિવાર, ૦૭ માર્ચ ૨૦૨૬ના રોજ ૨૨:૦૫ વાગ્યે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી પ્રસ્થાન કરી બીજા દિવસે ૦૬:૪૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વસઈ રોડ, ઠાણે અને દાદર સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૩-ટિયર (ઈકોનોમી) કોચ હશે.

૪. ટ્રેન નં. ૦૧૪૧૮/૦૧૪૧૭ અમદાવાદ–પુણે સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૦૨ ફેરા]

ટ્રેન નં. ૦૧૪૧૮ અમદાવાદ–પુણે સ્પેશિયલ સોમવાર, ૦૯ માર્ચ ૨૦૨૬ના રોજ ૦૨:૦૦ વાગ્યે અમદાવાદથી પ્રસ્થાન કરી એ જ દિવસે ૧૨:૧૦ વાગ્યે પુણે પહોંચશે.

તે જ રીતે ટ્રેન નં. ૦૧૪૧૭ પુણે–અમદાવાદ સ્પેશિયલ શનિવાર, ૦૭ માર્ચ ૨૦૨૬ના રોજ ૧૭:૩૦ વાગ્યે પુણેમાંથી પ્રસ્થાન કરી બીજા દિવસે ૦૫:૩૦ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં વડોદરા, સુરત, વસઈ રોડ, કલ્યાણ અને લોનાવલા સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર ક્લાસ તથા જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નં. ૦૯૦૨૯, ૦૯૦૩૦, ૦૯૦૪૩, ૦૯૦૪૪, ૦૧૧૫૪ અને ૦૧૪૧૮ માટેની બુકિંગ ૦૭.૦૩.૨૦૨૬થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના ઠેરાવો, સમય અને કોચ રચનાની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. en-quiry. indianrail. gov.in પર મુલાકાત લઈ શકે છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫૮૩નો ઉછાળોઃ સોનાનો વાયદો રૂ.૧.૬૧ લાખ અને ચાંદીનો વાયદો રૂ.૨.૬૮ લાખને પાર

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૧૫૯.૧૩ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૪૬૪૦.૧૩ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૦૧.૫૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૩૮૬ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૨૭૯૯.૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૧૫૯.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૪૪૬૪૦.૧૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૩૮૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૫૯૭૫.૮૬ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૬૨૦૧.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૦૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૨૫૦ અને નીચામાં રૂ.૧૫૯૩૭૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૬૭૩ના આગલા બંધ સામે રૂ.૨૬ વધી રૂ.૧૫૯૬૯૯ થયો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૮૩ ઘટી રૂ.૧૩૧૦૧૨ થયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૨ ઘટી રૂ.૧૬૪૫૭ના ભાવે બોલાયો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૨ ઘટી રૂ.૧૫૯૭૮૧ થયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧૪૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૪૮૮ અને નીચામાં રૂ.૧૬૦૫૧૦ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૧૪૧ના આગલા બંધ સામે રૂ.૩૪૦ ઘટી રૂ.૧૬૦૮૦૧ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૯૫૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮૯૯૧ અને નીચામાં રૂ.૨૬૧૩૯૮ના મથાળે અથડાઈ, રૂ.૨૬૨૧૯૧ના આગલા બંધ સામે રૂ.૨૦૫ વધી રૂ.૨૬૨૩૯૬ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૩૩ વધી રૂ.૨૬૮૮૫૨ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૨૦૧ ઘટી રૂ.૨૬૮૮૦૦ના સ્તરે પહોંચ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૮૬૨.૯૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૫.૨૫ ઘટી રૂ.૧૧૮૯.૬ના સ્તરે પહોંચ્યો હતો. જસત માર્ચ વાયદો રૂ.૧.૨૫ વધી રૂ.૩૨૨.૫૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૨.૫ વધી રૂ.૩૩૩.૧ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો ૧૦ પૈસા વધી રૂ.૧૮૮.૬ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૯૪૮૦.૪૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૪૮ અને નીચામાં રૂ.૩૯૮૨ના સ્તરને સ્પર્શી, રૂ.૨ વધી રૂ.૩૯૯૮ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૭૩૧૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૯૪૦ અને નીચામાં રૂ.૭૩૦૮ના સ્તરને સ્પર્શી, રૂ.૭૩૧૬ના આગલા બંધ સામે રૂ.૫૮૩ વધી રૂ.૭૮૯૯ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫૮૬ વધી રૂ.૭૯૦૦ થયો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૧ વધી રૂ.૨૮૨.૭ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૯.૧ વધી રૂ.૨૮૨.૬ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૪૭.૧ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૪૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૪૭૭ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૪૯૫ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૮૧૦.૬૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૩૯૦.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૧૩૭.૨૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮૦.૦૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૧૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૪૧.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૭૪૩૭.૩૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૩૧.૨૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૭૪૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૨૨૭૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૧૩૬૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૪૧૧૫૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૩૩૬૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૭૦૩૨ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૪૨૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૭૧૦૯૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૦૨૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૮૧૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯૮૪૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૩૮૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૩૮૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૩૮૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૨૭ પોઈન્ટ ઘટી ૩૯૩૮૬ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪૩.૯ વધી રૂ.૬૫૩.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૬૫ વધી રૂ.૨૧.૬ થયો હતો.

સોનું માર્ચ રૂ.૧૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૧ ઘટી રૂ.૬૭૭ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૪૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૮ ઘટી રૂ.૮૩૬ના ભાવે બોલાયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૩૮ ઘટી રૂ.૨૬.૬૭ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૩૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૨.૯ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૩૪૫.૨૫ વધી રૂ.૬૬૦.૯૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૯ વધી રૂ.૨૨.૧ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૧.૫ ઘટી રૂ.૪૯૭૮ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૫ ઘટી રૂ.૭૯૭૮ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૧.૯ ઘટી રૂ.૨૫૬.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯ ઘટી રૂ.૧૩.૩૫ થયો હતો. સોનું માર્ચ રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨.૫ વધી રૂ.૪૭૯.૫ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૫ વધી રૂ.૩૪૪ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૦ પૈસા વધી રૂ.૧૪.૩૮ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૨૯૭.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૬ વધી રૂ.૨.૭૯ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૮૦.૬ ઘટી રૂ.૨૬૨.૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૫ ઘટી રૂ.૧૯.૧ થયો હતો. સોનું-મિની માર્ચ રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૭ ઘટી રૂ.૫૧૧૭ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦ વધી રૂ.૩૦૪ થયો હતો.




### આપત્તિ સમયે સૌથી અગત્યનું પાસું સામુદાયિક સ્વયંસેવકોની ભૂમિકાઃ NDMAના સચિવ શ્રી મનીષ ભારદ્વાજ

# મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઈન ગુજરાત' વિષય પર રાષ્ટ્રીય બેઠકનું આયોજન

## આપત્તિ વ્યવસ્થાપન હવે માત્ર રાહત-પુનઃવસન પૂરતું મર્યાદિત નથી, પરંતુ તેમાં નિવારણ, જાગૃતિ અને સર્વગ્રાહી આયોજનનો પણ સમાવેશઃ અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ

ગુજરાત રાજ્ય હંમેશા આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે, ત્યારે રાજ્યની આ સજ્જતાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે આજે 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઈન ગુજરાત' વિષય પર એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સ્તરની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ કહ્યું હતું કે, આપત્તિ વ્યવસ્થાપન હવે માત્ર રાહત અને પુનઃવસન પૂરતું મર્યાદિત નથી રહ્યું, પરંતુ તેમાં નિવારણ, જાગૃતિ અને સર્વગ્રાહી આયોજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યનો ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન કેન્દ્રના માળખા અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન-DRRના ૧૦ મુદ્દાના એજન્ડા સાથે સંપૂર્ણપણે સુસંગત છે, જે શહેરોથી લઈને ગ્રામીણ સ્તર સુધી વિસ્તરેલો છે. તેમણે જણાવ્યું હતું કે, આપત્તિ સમયે SEOC દ્વારા તમામ જિલ્લાઓ અને તાલુકાઓ સાથે સંકલન સાધવામાં આવે છે. રાજ્યમાં ભૂતકાળમાં આવેલા વાવાઝોડા તથા પૂર જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન થયેલા અનુભવો અને મોકડ્રીલ થકી તૈયારીઓને વધુ મજબૂત બનાવવામાં આવી છે. જેમાં ઓઈલ અને ગેસ ઈન્સ્ટોલેશન તથા ન્યુક્લિયર કેન્દ્રો પર કરવામાં આવેલી સુરક્ષા કવાયતો પર ખાસ ભાર મૂકવામાં આવે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાના નેતૃત્વમાં રાજ્ય સરકારે અનેક પહેલ શરૂ કરી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા નવીનતમ પહેલ તરીકે 'સજ્જ સમૂદાય, સુરક્ષિત ગામ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે, જેમાં BISAGના માધ્યમથી ગામડાઓ અને તાલુકા સ્તરના લાખો નાગરિકોને સતત ઓનલાઈન અને હાઈબ્રિડ તાલીમ આપવામાં આવે છે. આપત્તિ વ્યવસ્થાપન ભંડોળનો મહત્તમ ઉપયોગ કરીને વીજળીના ટાવરોની મજબૂત કનેક્ટિવિટી, અવિરત ઈલેક્ટ્રિસિટી જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત ગ્રામ પંચાયત સ્તરે ૧૮ હજારથી વધુ ગ્રામ પંચાયતોને પ્રાથમિક સાધનોની કિટ આપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.




આ પ્રસંગે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી-NDMAના સચિવ શ્રી મનીષ ભારદ્વાજે જણાવ્યું હતું કે, આપત્તિ સમયે સૌથી અગત્યનું પાસું સામુદાયિક સ્વયંસેવકોની ભૂમિકા છે. કોઈપણ આપત્તિ સમયે સૌથી પહેલો પ્રતિસાદ સ્થાનિક નાગરિકો જ આપે છે. જેથી સામાન્ય નાગરિકો, ડ્રાઈવરો અને વેપારીઓને પણ સીપીઆર અને પ્રાથમિક સારવાર જેવી તાલીમ આપવી જોઈએ. સરકારી અને ખાનગી શાળાઓમાં અગ્નિ સુરક્ષાના કડક ધોરણોનું પાલન થવું જોઈએ. જો આ પ્રકારના વ્યાપક કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવે તો તે સમગ્ર દેશ માટે એક આદર્શ મોડેલ બની શકે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, રાજ્યના કોઈપણ ખૂણે આગ લાગવાની ઘટના બને ત્યારે ફાયર બ્રિગેડનો પ્રતિસાદ સમય ૫ મિનિટથી ઓછો હોવો જોઈએ. આ ઉપરાંત, જંગલમાં લાગતી આગ જેવી ઘટનાઓને રોકવા માટે વન વિભાગોને પણ આધુનિક ટેકનોલોજી, સાધનો અને પ્રોજેક્ટ્સથી સજ્જ કરવાની જરૂરિયાત પર તેમણે વિશેષ ભાર મૂક્યો હતો.

શ્રી ભારદ્વાજે કહ્યું હતું કે, સમગ્ર દેશના શહેરોએ પૂર અથવા વાદળ ફાટવા જેવી કુદરતી આપત્તિઓ સામે ૧૦૦ ટકા સક્ષમ બનવું જોઈએ. જ્યારે પણ આવી કટોકટી સર્જાય, ત્યારે શહેર-ગ્રામીણ વિસ્તારની વીજળી, નિકાસ સુવિધાઓ અને પરિવહન જેવી આવશ્યક સેવાઓમાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ ન થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. જે માટે સરકારના તમામ વિભાગોએ સાથે મળીને કામ કરવું જોઈએ.

આ પ્રસંગે NDMAના સભ્ય ડૉ. દિનેશકુમાર અસવાલે જણાવ્યું હતું કે, આપત્તિ વ્યવસ્થાપન એ માત્ર હોનારત પછીની પ્રક્રિયા નથી, પરંતુ તે અગાઉથી કરેલી તૈયારી અને તેના જોખમોને ઘટાડવાની વ્યૂહરચના છે. ખાસ કરીને ગુજરાત જેવા રાજ્યમાં જ્યાં કેમિકલ ઉદ્યોગોનું પ્રમાણ વધુ છે, ત્યાં અકસ્માતો ઘટાડવા માટે સજ્જતા અને વૈજ્ઞાનિક ડેટા આધારિત આયોજન અત્યંત અનિવાર્ય છે.

તેમણે 'રિસ્ક મેપિંગ' અને ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂકતા કહ્યું હતું કે, દરેક વિભાગે પોતાની શક્તિ અને નબળાઈઓ ઓળખીને એક સક્ષમ ડિઝાસ્ટર પ્લાન તૈયાર કરવો જોઈએ. સ્થાનિક યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓની મદદ લઈને ડેટા તૈયાર કરવો જોઈએ જેથી વિકાસલક્ષી કાર્યક્રમોમાં સુરક્ષાની ખાતરી કરી શકાય. આધુનિક સમયમાં ગ્લોબલ વોર્મિંગ અને અનિયમિત વરસાદને કારણે આવતા નવા જોખમો જેવા કે શહેરી પૂર અને હીટવેવ સામે લડવા માટે પૂર્વ તૈયારી અને પ્રારંભિક ચેતવણી પ્રણાલી વિકસાવવી ખૂબ જરૂરી છે. તેમણે નાણાકીય પાસાઓની ચર્ચા કરતા જણાવ્યું હતું કે ૧૬મા નાણા પંચ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન માટે માતબર રકમ ફાળવવામાં આવી છે. આ ભંડોળનો લાભ લેવા માટે દરેક વિભાગે પોતાના મિટિગેશન પ્રોજેક્ટ્સ તૈયાર કરવા પડશે અને તેને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પોર્ટલ સાથે જોડવા પડશે. ગુજરાત માટે પણ ભંડોળમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જેનો ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ મજબૂત બનાવવા માટે કરી શકાશે.

આ પ્રસંગે શાબ્દિક સ્વાગત કરતાં GSDMAના સીઈઓ શ્રી આલોકકુમાર પાંડેએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી-NDMA અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી-GSDMA દ્વારા સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ગાંધીનગર ખાતે આજે 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ ઈન ગુજરાત' વિષય પર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યમાં સંભવિત કુદરતી અને માનવસર્જિત આપત્તિઓ સામે રક્ષણ મેળવવા માટેની તૈયારીઓની સમીક્ષા, આપત્તિ વ્યવસ્થાપનમાં ફોરેન્સિક સાયન્સ અને આધુનિક તકનીકોના ઉપયોગ, NDMA અને રાજ્ય સરકાર વચ્ચેના સંકલનને વધુ મજબૂત બનાવી આપત્તિ સમયે ન્યૂનતમ નુકસાન થાય તેવું માળખું તૈયાર કરવું જેવા વિવિધ વિષયો પર વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિન્દ તોરવાણે, કમિશનર ઓફ મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન શ્રી રમ્યા મોહન, PCCF અને ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન શ્રી જયપાલસિંઘ, પ્રો. પૂજા સકશેના, સીની. કન્સલ્ટન્ટ ડૉ. વિનોદ કૌશિક, SDRFના એડીજીપી શ્રી વિશાલ વાઘેલા, SEOC ના ડાયરેક્ટર શ્રી સુભાષ સાવલિયા, GIDMના ડાયરેક્ટર શ્રી નિસર્ગ દવે, BISAGના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી ખાલિદ મહેમૂદ, ISR ના સાયન્ટિસ્ટ શ્રી સંતોષકુમાર સહિત NDRF, SDRF, BSF, IMD, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, એનિમલ હસબન્ડરી, એગ્રીકલ્ચર, ફાયર, સેફટી અને હેલ્થ સહિતના વિભાગોના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જીગર બારોટ

# સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગમાં અધિકારીઓની ૬ જેટલા વાહનોનુ ભાડુ એક વર્ષ નુ રૂ.૧૮.૭૨ લાખ ચુકવાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં આરોગ્ય વિભાગમાં કોન્ટ્રાકટ એજન્સી દ્વારા ૬ જેટલી ગાડીઓ સરકારી અધિકારીઓને લાવવા લઈ જવા માટે મુકવામાં આવી છે. જેમાં સુરેન્દ્રનગર જિલ્લા આરોગ્ય અધિકારી અને અન્ય અધિકારીઓને લઈ જવા મુકવા માટે રાજ એન્ટરપ્રાઈઝ દ્વારા ૬ જેટલા વાહનો મુકવામાં આવ્યા છે. જેમાં પ્રત્યેક ગાડીનુ ભાડુ મહિને રૂપીયા ૨૬ હજાર વસુલાત કરવામાં આવી રહ્યુ છે. એટલે તાજેતરમાં જે બીલની ચુકવણી કરવામાં આવી છે જેમાં એક વર્ષની અંદર ૧૮.૭૨ લાખ રૂપીયાનુ ભાડુ ફકત અધિકારીઓને લઈ જવા અને મુકવા માટે ચાલતી ગાડીઓ પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે.




મહત્વની વાત એ છે કે ૧૮.૭૨ લાખ રૂપીયા જે ભાડાની રકમ ચુકવવામાં આવી અને ૬ અધિકારીઓને લાવવા અને મુકવા માટે વાહનો ફરી રહ્યા છે તેટલી રકમમાં ૩ જેટલી સરકારી નવી ગાડીઓ આવી જાય અને તે પણ સરકારના તાંબા હેઠળ આવી જાય, એકતરફ સ્વિફટ જેવી કાર મુકવામાં આવી રહી છે અને તે પણ સીએનજી ગેસમાં ફેરવવામાં આવતી હોવાનો ઘાટ સર્જાયો છે. જો કે સુરેન્દ્રનગર આરોગ્ય વિભાગના ૬ અધિકારીઓને ૨૦૧૫ થી ભાડે વાહનો લઈ અને ફરવા માટેના આદેશો આપવામાં આવ્યા છે. આચ અધિકારીઓ વાહનો ભાડે રાખી અને કોન્ટ્રાકટર ના વાહનો ફેરવી અને ફીલ્ડ વિસ્તારમાં જઈ અને કામગીરી કરી રહ્યા છે. એક મહિનાની અંદર ૨ હજાર કિ.મી. એક વાહન ચલાવવાનુ હોય છે અને તે પૂર્ણ થયા બાદ વાહન આગળ ન ચલાવવા માટેની સુચના પણ આપવામાં આવી છે. કારણ કે ત્યારબાદ જો અધિકારીઓને કંઈ કામ અર્થે જવુ હોય તો પોતાનુ પર્સનલ વાહન લઈ જઈ શકે છે, કોન્ટ્રાકટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ગ્રાહકની કોઈ એકસ્ટ્રા જોગવાઈ ન હોવાના કારણે એકસ્ટ્રા કિ.મી. ચલાવવા નહી, એટલે ૨ હજાર કિ.મી. કોઈએ એક વાહન ચાલી જાય એટલે ત્યારબાદ જે અધિકારીનુ વાહન ૨ હજાર કિ.મી. ચાલી ગયુ હોય તેને પોતાના ખાનગી વાહન લઈ અને કામગીરી કરવામાં આવી રહી છે.

# ભરૂચના યુવકનો રૂ.૮૮ હજારનો મોબાઈલ ચોરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચમાં રહેતો અને ડિપ્લોમાના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી એસએસજી હોસ્પિટલમાં દાખલ તેમના સગા સંબંધીને જોવા માટે આવ્યો હતો. તે દરમિયાન કોઈએ તેના પેન્ટના ખિસ્સામાંથી રૂપિયા ૮૮,૦૦૦ નો I-phone કંપનીનો મોબાઈલ ચોરી કરી લીધો હતો. શોધખોળ કરવા છતાં મોબાઈલ નહીં મળી આવતા વિદ્યાર્થીઓ ફરિયાદ નોંધાવી છે. ભરૂચમાં આવેલી મામલતદાર કચેરી પાસે અયોધ્યા નગરમાં રહેતા હિમય રમેશચન્દ્ર રાણાએ ફરિયાદ નોંધાવી છે કે હું ઉપરના બતાવેલા સરનામે મારા પરીવાર સાથે રહું છું અને ડિપ્લોમા કેમિકલમાં ગર્વમેન્ટ પોલીટેકનીક કોલેજ વલસાડ ત્રીજા વર્ષમાં અભ્યાસ કર છુ. ગઈ ૧ માર્ચના રોજ એસ.એસ.જી હોસ્પીટલના તાત્કાલીક વિભાગમાં બીજા માળે આઈસીયુમાં અમારા સગાઓની ખબર લેવા માટે આવ્યો હતો.

# ઓનલાઈન શોપિંગના નામે છેતરપિંડીનો વધુ એક કિસ્સોઃ જામનગરના મજૂરને ૨,૨૪,૦૦૦માં પડ્યું!

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

ઓનલાઈન શોપિંગના નામે છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. માત્ર ૬૨૯ રૂપિયાનું ટેબલ મંગાવવા જતાં જામનગરના યુવાને ૨.૨૪ લાખ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. ઓટીપી (OTP) આપતાની સાથે જ ઠગ ટોળકીએ યુવાનનું બેંક એકાઉન્ટ સાફ કરી નાખ્યું હતું.ડિજિટલ યુગમાં સાયબર ગુનેગારો હવે સામાન્ય શ્રમિકોને પણ નિશાન બનાવી રહ્યા છે. જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા અને કારખાનામાં મજૂરી કરી ગુજરાન ચલાવતા કિશન ગોંડલીયાએ સોશિયલ મીડિયા પરથી 'મિસો' એપ્લિકેશન દ્વારા ૬૨૯નું પ્લાસ્ટિકનું ટેબલ ઓર્ડર કર્યું હતું. ઓર્ડર કેન્સલ થતાં, રિફંડ મેળવવાની આશામાં કિશને સામે પક્ષે સંપર્ક કર્યો, જે તેની મોટી ભૂલ સાબિત થઈ.ઘટનાનો ક્રમમાં સૌ પ્રથમ ઓર્ડર કેન્સલ થયા બાદ કિશને સામેથી ફોન કર્યો. સામે રહેલા વ્યક્તિએ પોતાની ઓળખ 'કૃણાલ કુમાર' તરીકે આપી. ફરી ઓર્ડર કરવાના બહાને યુવાન પાસે OTP મંગાવ્યો. OTP આપતા જ ઠગ ટોળકીએ બેંક ડેટા એક્સેસ કરી લીધો અને ખાતામાંથી કટકે-કટકે કુલ ૨,૨૪,૬૨૭ ઉપાડી લેવામાં આવ્યા. બાદમાં સમગ્ર મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોતાની જીવનભરની મૂડી પળવારમાં સાફ થઈ જતાં કિશન ગોંડલીયા ચોંકી ઉઠ્યો હતો. તેણે તાત્કાલિક જામનગરના સિટી સી. ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ઠગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી ટેકનિકલ સર્વેલન્સની મદદથી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટના ફરી એકવાર લાલબત્તી સમાન છે કે, અજાણ્યા વ્યક્તિ સાથે ફોન પર ક્યારેય બેંક વિગતો કે OTP શેર ન કરવો. જો તમે પણ આવી છેતરપિંડીનો શિકાર બનો, તો તુરંત જ ૧૯૩૦ નંબર પર ડાયલ કરી સાયબર ક્રાઈમમાં જાણ કરો.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/47(25-26) તારીખઃ 03.03.2026

**એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

ટેન્ડર નં. EL-50-1-ADI-T-57-2025-26

**કામનું નામઃ** ૦૩ વર્ષોના સમયગાળા માટે DRM ઓફિસ અસારવા ખાતે એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈ અને અમદાવાદ ડિવિઝન ઉપર રનીંગ રૂમ્સના વિવિધ બનાવટ અને ક્ષમતાના ૩૩૪ નંગ AC યુનિટ્સના CAMC ના સંબંધમાં વીજળી કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૧,૧૯,૧૪,૦૩૯.૮૨ **અર્નેસ્ટ મનીઃ** ₹ ૨,૦૯,૬૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in

ADI-299

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# હોળી ધુળેટી પર્વ પર ગુજરાત એસટી નિગમનુ સુદ્રઢ આયોજનઃ ૭૪૦૦થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરીવહન સેવા પુરી પાડી

પ્રતિનિધિ,ગાંધીનગર

હોળી અને ધુળેટીના પર્વ દરમિયાન મુસાફરોના ઘસારાને પહોચી વળવા માટે નાયબ મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કરવામાં આવેલુ એકસ્ટ્રા બસ સંચાલન ખુબ જ સફળ રહ્યુ હતું. ચાલુ વરસે નિગમે ગત વરસના તમામ રેકોર્ડ તોડી મુસાફરોને શ્રેષ્ઠ સુવિધા પુરી પાડી છે. નિગમ દ્વારા ચાલુ વરસે ૭૪૦૦ થી વધુ વધારાની ટ્રીપ દ્વારા ૩.૧૪ લાખ મુસાફરોને સલામત પરીવહન સેવા પુરી પાડવામાં આવી છે.

હોળી ધુળેટીના પર્વ પર જયારે નાગરીકો પોતાના વતન અને પરીવાર સાથે ઉત્સવ મનાવવા આતુર હોય છે ત્યારે એસટી નિગમ તેમની ખુશી માં સાથીદાર બન્યુ છે. ગઈ તારીખ ૨૭ ફેબ્રુઆરી થી ૪ માર્ચ દરમિયાન નિગમ દ્વારા કુલ ૭૪૦૦ જેટલી વધારાની ટ્રીપ ને સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યુ હતું. આ વિશેષ સંચાલન દ્વારા રાજયના અંદાજે ૩.૧૪ લાખ મુસાફરોએ એસટી નિગમની સેવાનો લાભ લીધો હતો. હોળીના પર્વ પર ડાકોર રણછોડરાયજીના દર્શનનુ વિશેષ મહત્વ હોવાથી નિગમ દ્વારા ડાકોર ખાતેથી સૌથી વધુ સંચાલન કરવામાં આવ્યુ હતું.

રણછોડરાયજીના દર્શનાર્થે જતા શ્રધ્ધાળુઓ માટે ખાસ ૩૬૦૦ ટ્રીપ ચલાવવામાં આવી હતી. જેના દ્વારા ૧.૩૨ લાખ દર્શનાર્થીઓને પરીવહન સેવા પુરી પાડવામાં આવી હતી. ગત વરસે નિગમ દ્વારા ૭૧૦૦ ટ્રીપ ચલાવીને ૨.૮૦ લાખ મુસાફરોને સેવા આપવામાં આવી હતી. જેની સરખામણીએ ચાલુ વરસે ટ્રીપની સંખ્યામાં અને મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. જે એસટી નિગમની કાર્યક્ષમતા દર્શાવે છે.

મુસાફરોના ભારે ઘસારાને ધ્યાને રાખી મુખ્ય શહેરો ખાતેથી વિશેષ ટ્રીપનુ સંચાલન કરાયુ હતું. જેમાં અમદાવાદ થી ૬૮૭ ટ્રીપ, હિંમતનગરથી ૭૧૬ ટ્રીપ, સુરત થી ૪૯૬ ટ્રીપ, વડોદરા થી ૨૫૫ ટ્રીપ , જુનાગઢ થી ૨૨૦ ટ્રીપ, રાજકોટ થી ૧૩૧ ટ્રીપ , ઉપરાંત સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, દાહોદ, ગોધરા, દેવગઢબારીયા, સંતરામપુર અને લુણાવાડા જેવા મહત્વના કેન્દ્રો પર થી પણ પુરતી સંખ્યામાં બસો દોડાવવામાં આવી હતી. નાયબ મુખ્યમંત્રીએ આ સફળ આયોજન બદલ એસટી નિગમના અધિકારીઓ અને કર્મચારીઓ જેમાં ખાસ કરીને ડ્રાઈવર કંડકટરોને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યુ હતુ કે રાજય સરકાર નાગરીકોને તહેવારો દરમિયાન કોઈપણ અગવડ વિના સલામત અને સમયસર પરીવહન સેવા પુરી પાડવા માટે કટીબધ્ધ છે.

### બુકિંગના નામે એડવાન્સ રકમ લઈ ગ્રાહકો સાથે ચારસો વીસી કરનારા લુચ્ચા શિયાળ સમા

## શંકર મારવાડી જેવા ખંધા બિલ્ડરોના ધૂળ ખાતા પ્રોજેકટો સરકાર કલેકટર ધ્વારા કબજે કરી હરાજી કરાવીને બુંકિંગ કરાવનારાઓના નાણાં પાછા અપાવે એ જ સમયની માંગ

**જો સરકારી કોન્ટ્રાકટર સમય મર્યાદામા ટેન્ડર મુજબ તેનો પ્રોજેકટ પુરો ન કરે તો એને સરકાર ધ્વારા બ્લેકલિસ્ટ ની સાથે સાથે પેનલ્ટી લગાડીને અન્ય પ્રોજેકટ માંથી બાદબાકી કરવામાં આવે છે. એજ રીતે શંકર મારવાડી જેવા બિલ્ડરોના ધૂળ ખાતા પ્રોજેકટો બદલ એમના આર્કિટેકના લાઈસન્સ કેન્સલ કરવા સાથે બિલ્ડરને પણ બ્લેકલિસ્ટ કરી એના નવા પ્રોજેકટોને મંજૂરી ન આપવી જોઈએ**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત શહેરના વિવિધ વિસ્તારોમા યેન કેન પ્રકારે ખેતીની પાકતી જમીનો મળતિયા બ્રોકરો ધ્વારા ખરીદી ચોથા ભાગનું પેમેન્ટ કરી ખેડૂતોને રાતા પાણીએ રડાવતા શહેરના વગોવાયેલા શંકર મારવાડી જેવા બિલ્ડરો ઓફિરા માર્કેટના નામે પ્રોજેકટ ઊભો કરવાના દિવા સ્વપ્ન બતાવી ગ્રાહકો પાસે બુંકિંગના નામે ૩૫ % થી ૪૦% જેટલી રકમ એડવાન્સ લઈ કાચી ડાયરી અને સોદા ચીઠ્ઠી બનાવી મળતિયા બ્રોકરો ધ્વારા નાણાં અંકે કરી પ્રોજેકટને અધૂરો છોડી બુંકિંગ કરાવનારાઓ સામે રીતસર છેતરપિંડી કરી ચારસો વીસી કરી રહ્યા છે. ત્યારે આવા બિલ્ડરો કે જેઓના પ્રોજેકટો ૮ થી ૧૦ વર્ષના વહાણા વાયા છતાં પૂરા થયા નથી એના કારણે એમાં બુંકિંગના નામે પૈસા ભરનારા મિડલ કલાસના દુકાનદારો સારી આશાએ દુકાનના માલિક બનશે એવા સોનેરી ભવિષ્ય સાથે જ્યારે શંકર મારવાડી જેવા બિલ્ડરોના છેતરપિંડીનો ભોગ બને છે ત્યારે આવા બિલ્ડરો ઉપર સુરત મ.ન.પા સહિત કલેકટરે કડક હાથે કામ લઈ એમના પ્રોજેકટોને જાહેર હિતમા હરાજી કરી બુકિંગોના નાણાં મિડલ ક્લાસના દુકાનદારોને પાછા અપાવવા જરૂર પડે તો લેન્ડ ગ્રેબિંગનો ગુનો લગાવીને પણ શંકર મારવાડીનો કાન આમળવો જરૂરી છે.




કારણકે આવા ખંધા બિલ્ડરોના પ્રોજેકટોમા સોનેરી સ્વપન સાથે દુકાનો બુક કરાવનારા વેપારીઓ જયારે લાંબા સમય સુધી પોતાને દુકાનની ફાળવણી ક્યારે કરવામાં આવશે? અથવા પૈસા પાછા લેવા માટે બિલ્ડરની ઓફિસે જાય છે ત્યારે બિલ્ડર પોતે જ ઉઘરાણી કરનારા વેપારીઓને ગાળા-ગાળી કરી, દાદાગીરી કરી ,ધક્કા મારી મારા-મારી કરવા સાથે માં-બેનની ગાળો દેતા હોવાથી વેપારીઓ ચૂપ થઈને બેસી રહે છે. જેનાથી બિલ્ડરોની હિંમત ખુલી જાય છે. ત્યારે અહી સવાલ એ છે કે જો સરકારી કોન્ટ્રાકટર સમય મર્યાદામા ટેન્ડર મુજબ તેનો પ્રોજેકટ પુરો ન કરે તો એને સરકાર ધ્વારા બ્લેકલિસ્ટ ની સાથે સાથે પેનલ્ટી લગાડીને અન્ય પ્રોજેકટ માંથી બાદબાકી કરવામાં આવે છે. એજ રીતે શંકર મારવાડી જેવા બિલ્ડરોના ધૂળ ખાતા પ્રોજેકટો બદલ એમના આર્કિટેકના લાઈસન્સ કેન્સલ કરવા સાથે બિલ્ડરને પણ બ્લેકલિસ્ટ કરી એના નવા પ્રોજેકટોને મંજૂરી ન આપવી જોઈએ. અને કલેક્ટર ધ્વારા કાયદેસર રીતે લાંબા સમયથી ધૂળ પડેલા પ્રોજેકટો સરકાર હસ્તક લઈ એની જાહેર હરાજી કરી અન્ય વ્યક્તિઓને પ્રોજેકટનો કોન્ટ્રાકટ આપી પ્રોજેકટ પુરો કરાવી બુંકિંગ કરાવનારાઓને દુકાનોની ફાળવણી કરવી જોઈએ અથવા નાણાં પરત કરવા જોઈએ.

સદર બાંધકામો અંગેની તપાસની કામગીરી કરવાની ખરેખર તો સુરત મ.ન.પા ના અધિકારીઓની જવાબદારી બને છે. જેમાં સુરત મ.ન.પા ધ્વારા મંજૂર કરાયેલ પ્લાન, બાંધકામ અંગે આપવામાં આવેલી રજા ચીઠ્ઠી, ફાયર NOC, BUC વિગેરે નીતિ નિયમોનું પાલન બિલ્ડરો ધ્વારા કરવામાં આવ્યું છે કે નહીં તેમજ સમય મર્યાદામાં પ્રોજેકટ બિલ્ડર ધ્વારા પુરો કરવામાં આવ્યો છે કે નહીં એની પણ તપાસ કરવાની જવાબદારી મ.ન.પા ના અધિકારીઓની હોય છે છતાં એ કામગીરી ભ્રષ્ટ અધિકારીઓ ધ્વારા કરવામાં આવતી નથી. અને બિલ્ડરો સાથે મળી કુલડીમાં ગોળ ભાંગી અધિકારીઓ ધ્વારા આંખ આડા કાન કરાતા હોવાથી પણ શંકર મારવાડી જેવા બિલ્ડરો ગ્રાહકોને ઠંડા પાણીએ નવડાવતા હોવાથી નિર્દોષ મિડલ ક્લાસના વેપારીઓ આવા બિલ્ડરોનો છેતરપિંડીનો ભોગ બને છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલિન પુરવઠા મંત્રીના આશીર્વાદથી એક સમયે સરકારી સસ્તા અનાજની દુકાન ચલાવનાર અને આજે બિલ્ડર બની જનાર શંકર મારવાડી જેવા તો કેટલાય શંકર મારવાડીઓ આજે સુરત ના વિવિધ વિસ્તારોમાં અધૂરા પ્રોજેકટો છોડી બુંકિંગ ના નામે એડવાન્સ નાણાં લઈ ગ્રાહકોને પોશ-પોશ આંસુએ રડાવનારાઓની શાન ઠેકાણે લાવવા હવે વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર હવે મેદાન—એ-જંગ માં ઉતરી છેતરાયેલા ગ્રાહકોને ન્યાય અપાવવા કમર કસી રહ્યું છે ત્યારે બિલ્ડરોના ભોગ બનેલાઓ સામે જો સુરત મ.ન.પા ના મ્યુ.કમિશ્નર અને કલેક્ટર ધ્વારા કાયદેસરના પગલાં નહીં ભરવામાં આવે તો તેમની સામે પણ ગ્રાહકોના હિતમાં ન્યાય માટે લડત ચલાવવા વિકાસ ગ્રાહક સુરક્ષા અને સંશોધન કેન્દ્ર ધ્વારા ગુજરાત હાઈકોર્ટ માં પિટિશન (PIL) દાખલ કરીને બિલ્ડરો સહિત સરકારી તંત્ર ને પણ કાયદાનું ભાન કરાવશે.

### સભા દરમિયાન મહિલાઓએ જણાવ્યું કે દારૂ ખુલ્લેઆમ મળે છે પણ પીવાનું પાણી નથી મળતું: પ્રવીણ રામ

## ''પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા'' અંતર્ગત AAP નેતા પ્રવીણ રામ અને મનોજ સોરઠીયાએ યોજી પ્રેસ કોન્ફરન્સ

**૮મી માર્ચે ગાંધીનગર ખાતે યાત્રાના પૂર્ણાહુતિની જનસભામાં AAP રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ હાજરી આપશે: પ્રવીણ રામ**




અમદાવાદ/સુરેન્દ્રનગર/ગુજરાત

આમ આદમી પાર્ટી ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામની અધ્યક્ષતામાં નીકળેલી "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો" યાત્રાને મોટી સંખ્યામાં ખેડૂતોનો સહયોગ મળી રહ્યો છે. સોમનાથથી શરૂ થયેલી આ યાત્રા સુરેન્દ્રનગર પહોંચી હતી. અહીં AAP ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામ, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને પ્રદેશ પ્રવક્તા વિક્રમ દવે દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે AAP નેતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે વિવિધ સભાઓમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કેટલીક સભાઓમાં અમે બે કલાક મોડા પહોંચ્યા હોવા છતાં લોકો મોડી રાત સુધી બેસીને ખેડૂતોના પ્રશ્નો સાંભળવા માટે રાહ જોતા હતા. ખેડૂતો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સ્થાનિક મુદ્દાઓ બાબતે બંને સભાઓમાં ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી. સભામાં અમુક મહિલાઓ સાથે ચર્ચા કરતા તેમણે જણાવ્યું કે ગામડાઓમાં પીવાનું પાણી મળતું નથી. દારૂ સરળતાથી મળી જાય છે, પરંતુ પીવાનું પાણી મળતું નથી. ત્રણસો રૂપિયાનો દારૂ મળી જાય છે, પરંતુ પીવાના પાણી માટે અમારે પાંચસો રૂપિયામાં ટેક્રર ખરીદવું પડે છે. આ ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે. ઘણા વિસ્તારોમાં સિંચાઈના પાણીનો પ્રશ્ન ખૂબ મોટો છે. વર્ષોથી ચર્ચા થાય છે છતાં ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળતું નથી. સુરેન્દ્રનગર શહેરની વાત કરીએ તો અહીં ધોળીધજા ડેમ પૂરતો ભરેલો હોવા છતાં શહેરના લોકોને પાંચ દિવસે પાણી મળે છે. આ ખૂબ જ ગંભીર મુદ્દો છે. શહેરમાં ગટર સંબંધિત સમસ્યાઓ પણ ગંભીર છે. આ પરિસ્થિતિને જોતા એવું કહી શકાય કે ભાજપ સરકાર ભ્રષ્ટાચાર સિવાય અન્ય કોઈ કામ કરતી નથી. શહેર હોય કે ગ્રામ્ય વિસ્તાર, દરેક જગ્યાએ ભ્રષ્ટાચાર વધી રહ્યો છે અને સુરેન્દ્રનગરની સ્થિતિ ખૂબ જ ગંભીર બની ગઈ છે. આ યાત્રા આજે સુરેન્દ્રનગરથી આગળ પ્રસ્થાન કરશે અને ૮મી તારીખે ગાંધીનગરના ખાડિયા ખાતે પહોંચશે. ત્યાં આ યાત્રાનું સમાપન અરવિંદ કેજરીવાલજીની ઉપસ્થિતિમાં થશે. ૮મી તારીખે બપોરે ૩ વાગ્યે રામકથા ગ્રાઉન્ડ ખાતે ખેડૂતો માટે વિશાળ જનસભાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અરવિંદ કેજરીવાલજી હાજર રહેશે. AAP નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દ્વારા આ યાત્રા મારફતે સંદેશ આપવામાં આવ્યો છે કે ગુજરાતના ખેડૂતોના પ્રશ્નો માટે પાર્ટી અગાઉ પણ લડી હતી અને ભવિષ્યમાં પણ લડતી રહેશે. આ યાત્રા દ્વારા ખેડૂતોના પ્રશ્નોને ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. વધુમાં જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં આમ આદમી પાર્ટી મજબૂત ઉમેદવારો સાથે મેદાનમાં ઉતરશે. સાથે સાથે ખેડૂતો અને જનતાના પ્રશ્નો ઉઠાવવાની કામગીરી ચાલુ રાખશે. જો ખેડૂતોના મુદ્દાઓ માટે કોઈપણ વ્યક્તિ અવાજ ઉઠાવે તો અમે તેનું સ્વાગત કરીએ છીએ. ખેડૂતોના પ્રશ્નો ઉઠાવવો અમારો હક અને ફરજ છે. સિંચાઈના પાણી અંગે સરકાર દ્વારા વર્ષો પહેલા યોજનાઓ જાહેર કરવામાં આવી હતી, પરંતુ તેનું યોગ્ય અમલીકરણ થયું નથી. માત્ર સિંચાઈના પાણીનો પ્રશ્ન ઉકેલાઈ જાય તો ખેડૂતોના બધા પ્રશ્નોનું સમાધાન થઈ જશે એવું નથી. પીવાના પાણીનો પ્રશ્ન, પાકને યોગ્ય ભાવ ન મળવાનો પ્રશ્ન, સમયસર ખાતર ન મળવાનો પ્રશ્ન સહિત અનેક મુદ્દાઓ ખેડૂતોને અસર કરે છે. આ તમામ પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી ખેડૂતો સંતોષી નહીં થાય. એક મુદ્દો ઉકેલાઈ જાય તે પૂરતું નથી, તમામ પ્રશ્નોનો ઉકેલ આવવો જરૂરી છે. અમારો ધ્યેય છે કે ભાજપના કુશાસનમાંથી ગુજરાતના ખેડૂતોને બચાવવાનો અને ખેડૂતોને ન્યાય અપાવવાનો. "પરિવર્તન લાવો, ખેડૂત બચાવો" યાત્રાનો મુખ્ય હેતુ પણ એ જ છે.

## ગુજરાતના રાજકારણમાં નવો ગરમાવો: ધારાસભ્ય જિગ્નેશ મેવાણી સામે સાથીદારે જ ખુલ્લેઆમ મોરચો માંડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર સોશીયલ મીડીયાની એક પોસ્ટે ખળભળાટ મચાવી દીધો છે. આ વખતે વિવાદના કેન્દ્રમાં વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી છે. નવાઈની વાત એ છે કે આ વખતે વિરોધ પક્ષના નેતાઓ નહી પરંતુ મેવાણીના અત્યંત નજીકના અને વિશ્વાસુ ગણાતા સાથીદાર હસમુખ રાઠોડે તેમની સામે મોરચો માંડયો છે. હસમુખ રાઠોડે તાજેતરમાં પોતાની ફેસબુક પ્રોફાઈલ પર એક પોસ્ટ કરી છે, જેમાં તેમણે સીધી રીતે ધારાસભ્ય જિગ્નેશ મેવાણીને ચેતવણી આપી છે. આ પોસ્ટમાં તેમણે લખ્યુ છે કે જો હું ખુલીને બહાર આવીશ તો ખબર પડી જશે કે હું શું કરી શકું છું, આ પ્રકારની ભાષા વાપરવામાં આવતા હવે રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે કે




એવુ તે શું રહસ્ય છે જે હસખુમ રાઠોડ જાણે છે અને જાહેર કરવા માગે છે. આ વિવાદનુ મુખ્ય કારણ ધારાસભ્યની ગ્રાન્ટ હોવાનુ બહાર આવ્યુ છે. હસમુખ રાઠોડે પોતાની પોસ્ટમાં સ્પષ્ટ સંકેત આપ્યા છે કે તેઓ ગ્રાન્ટના વપરાશ અને તેની વહેંચણી બાબતે કોઈ મોટા ખુલાસા કરવા જઈ રહ્યા છે. ધારાસભ્યને મળતી સરકારી ગ્રાન્ટમાં કોઈ ગેરરીતી થઈ છે કે કેમ તે પ્રશ્ન અત્યારે વડગામ અને બનાસકાંઠાના રાજકારણમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. ઉલ્લેખનીય છે કે હસમુખ રાઠોડ એ વ્યકિત છે જેમણે વિધાનસભા ચુંટણીમાં જિગ્નેશ મેવાણીને જીતાડવા માટે દિવસ રાત મહેનત કરી હતી. મેવાણીની રણનીતી ઘડવામાં અને લોકો સુધી પહોચવામાં હસમુખ રાઠોડની ભુમિકા મહત્વની રહી છે. ત્યારે હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે જે મિત્ર એ ખભેખભા મીલાવીને લડત આપી હતી તે અચાનક આટલા નારાજ કેમ થયા ? શું આ માત્ર અંગત મતભેદ છે કે પછી ગ્રાન્ટના મામલે ખરેખર કોઈ મોટુ કૌભાંડ રંધાયુ છે. આ વિવાદ ને પગલે આગામી સમયમાં જિગ્નેશ મેવાણીની મુશ્કેલીઓ વધી શકે છે, જો હસમુખ રાઠોડ કોઈ પુરાવા સાથે મેદાનમાં આવશે તો તે મેવાણીની રાજકીય છબી ને નુકશાન પહોચાડી શકે છે, હાલ માં તો આ સોશીયલ મીડીયા યુદ્ધે કાર્યકરોમાં પણ બે ભાગ પાડી દીધા છે. હજુ સુધી આ મામલે જિગ્નેશ મેવાણી તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યુ નથી, પરંતુ રાજકીય પંડીતો માની રહ્યા છે કે આ વિવાદ હજુ વધુ વકરશે.

## ગુજરાત કોંગ્રેસે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા ૭ ચુંટણી સમિતિ બનાવી: ગેનીબેન-મેવાણી અને શકિતસિંહ ગોહિલને નવી જવાબદારી સોંપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ કોંગ્રેસ એકશન મોડ પર આવી ગઈ છે. ચુંટણી માટે ૫ રાજય સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવી છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં જીત મેળવવા માટે કોંગ્રેસે અનુભવી દિગ્ગજો અને યુવા નેતાઓને વિવિધ સમિતિઓમાં મહત્વના હોદ્દાઓ આપી મોટી જવાબદારી સોંપી છે.



જિગ્નેશ મેવાણી, ભરતસિંહ સોલંકી, લાલજી દેસાઈ, પરેશ ધાનાણી, ગેનીબેન ઠાકોર અને જગદીશ ઠાકોર ને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તો સાથે સાથે શકિતસિંહ ગોહિલને પણ મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. કોંગ્રેસ અધ્યક્ષે ગુજરાતમાં આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ માટે ૫ રાજય સ્તરીય સમિતિઓની રચનાને તાત્કાલીક મંજુરીની મહોર આપી દીધી છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જીતવા માટે કોંગ્રેસે પુરજોશમાં પ્રયાસો શરૂ કરી દીધા છે. કોંગ્રેસે હવે ચુંટણી જીતવા માટે કમરકસી છે. તો બીજી તરફ કોંગ્રેસ ભાજપમાં નારાજ કેટલાક નેતાઓને મળી ભાજપની પોલ ખોલી શકે છે તેવુ પક્ષના સંકેતો પરથી લાગી રહ્યુ છે.

કોંગ્રેસમાં જેમને જવાબદારી સોંપવામાં આવી છે તેવા (૧) ભરતસિંહ સોલંકીને સ્ટ્રેટજી કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે (૨) લાલજી દેસાઈને સ્ટ્રેટજી કમિટીના વા.ચેરમેન બનાવવામાં આવ્યા છે (૩) શકિતસિંહ ગોહિલને કેમ્પેઈનીંગ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે (૪) પરેશ ધાનાણીને કેમ્પેઈનીંગ કમિટીના વા.ચેરમેન બનાવવામાં આવ્યા છે (૫) ગેનીબેન ઠાકોરને કેમ્પેઈન કમિટીના કન્વીનર બનાવવામાં આવ્યા છે (૬) સિધ્ધાર્થ પટેલને ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે. (૭) જિગ્નેશ મેવાણીને ઈલેકશન મેનેજમેન્ટ કમિટીના વા.ચેરમેન બનાવવામાં આવ્યા છે. જયારે જગદીશ ઠાકોર ને પ્રોગ્રામ ઈમ્પલીમેન્ટેશન કમિટીના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવી છે. તો બીજી તરફ ઈન્દ્રવિજયસિંહ ગોહિલને ઈમ્પ્લીમેન્ટેશન કમિટીના વા.ચેરમેન બનાવવામાં આવ્યા છે. તો બીજી તરફ શૈલેષ પરમાર ને મેનીફેસ્ટો કમિટીના ચેરમેન બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત મેનીફેસ્ટો કમિટીના ચેરમેન તરીકે શૈલેષ પરમાર અને વા.ચેરમેન તરીકે ઋત્વિક મકવાણા અને કન્વીનર તરીકે ડો. મનિષ દોશીની નિયુકિત કરવામાં આવી છે.

તો બીજી તરફ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ કોંગ્રેસ એકશન મોડમાં આવી ગઈ છે. કોર્પોરેશન, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચુંટણીઓ માટે તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જિલ્લા કક્ષાએ ચુંટણીઓ સમિતિ બનાવી દેવામાં આવી છે. જિલ્લા ચુંટણી સમિતિ ઉમેદવારોની પેનલ તૈયાર કરી તેમજ વોર્ડ વાઈઝ અને બેઠક વાઈઝ નામની યાદી તૈયાર કરવાની પ્રક્રિયા પુરજોશમાં શરૂ કરી દીધી છે. તો બીજી તરફ દાવેદારો પોતાના ઉમેદવાર માટે ના નામ જિલ્લા ચુંટણી સમિતિને મોકલી આપવામાં આવશે. ત્યારબાદ જ સ્થાનિક કક્ષાએ જિલ્લા ચુંટણી સમિતિ નામ ઉપર મહોર મારશે. જિલ્લા ચુંટણી સમિતિ પેનલ તૈયાર કરી પ્રદેશ ચુંટણી સમિતિને નામો સાથે મોકલશે ત્યારબાદ જ ઉમેદવારો માટેના નિર્ણયો લેવાશે તેવુ કોંગ્રેસના ટોચના સુત્રોએ જણાવ્યુ હતું.

## સાબરકાંઠા જિલ્લામાં ખેડુતોના બટાકાને વાહનોમાં ભરી કોલ્ડ સ્ટોરેજમાં મોકલવામાં પડતી કનડગતને લઈ આરટીઓ અને પોલીસ તંત્ર ઓવરલોડના નામે થતી કનડગત દુર કરવાની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર


સાબરકાંઠા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા ખેડુતોએ હોળી ધુળેટી પર્વ અગાઉ ખેતરમાં વાવેતર કરેલ બટાકા તૈયાર થઈ ગયા બાદ મોટાભાગના ખેડુતો બટાકાનો જથ્થો વિવિધ ઠેકાણે આવેલ કોલ્ડ સ્ટોરેજમાં મોકલવા માટે વાહનોમાં ભરી લઈ જઈ રહ્યા છે. ત્યારે જિલ્લાના મોટા ભાગના સ્થળે સ્થાનિક પોલીસ અથવા તો આરટીઓના અધિકારીઓ આવા બટાકા ભરેલા વાહનોને અટકાવી ઓવરલોડ હોવાનુ કહીને દંડનીય કાર્યવાહી કરી રહ્યા છે.

ત્યારે જિલ્લા ભાજપ પ્રમુખે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા પોલીસવડાને રજુઆત કરીને ખેડુતોને થતી કનડગત સત્વરે દુર કરવાની માંગ કરી હતી. આ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ચાલુ વરસે ઈડર, વડાલી, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ સહિતના અન્ય વિસ્તારોમાં રહેતા ખેડુતોએ અગાઉ થી જ વિવિધ કંપનીઓ સાથે બટાકાનુ વાવેતર કરવા માટે ફાર્મીંગ કોન્ટ્રાકટ કરી કંપનીઓ પાસેથી વિવિધ જાતના બિયારણ ખરીદ્યા બાદ જમીનમાં વાવેતર કરી દીધુ હતું. દરમિયાન હોળી ધુળેટી પર્વ અગાઉ અનેક ખેડુતોએ બટાકા પાકીને તૈયાર થઈ જતા તેને સાચવવા માટે વાહનો મારફતે જિલ્લામાં આવેલા વિવિધ કોલ્ડ સ્ટોરેજમાં મુકવા માટે લઈ જઈ રહ્યા છે. પરંતુ ખેડુત જે વાહનમાં બટાકાના કટ્ટા ભરી મોકલી રહ્યો છે ત્યારે કેટલાક કિસ્સાઓમાં થોડાક કટ્ટા બાકી રહેતા હોવાના કારણે વાહન ચાલક સાથે સમજાવટ કરીને વાહનની ક્ષમતા કરતા થોડોક વધુ જથ્થો કોલ્ડ સ્ટોરેજમાં મોકલાઈ રહ્યો છે ત્યારે ખેડુતોની લાચારીનો લાભ ઉઠાવી લઈ આરટીઓ તથા પોલીસ તંત્ર આવા વાહનોને અટકાવી ઓવરલોડના નામે દંડ વસુલી રહ્યુ છે ત્યારે ખેડુતોનુ કહેવુ છે કે જો મોટા ટ્રકની વહન કરવાની ક્ષમતા ૫૦૦ કટ્ટા હોય પરંતુ ખેડુત પાસે ૧૫ થી ૨૦ કટ્ટા વધે તો ખેડુત વાહન ચાલકને સમજાવી આ કટ્ટા ટ્રકમાં મોકલી આપે છે. પરંતુ કાયદા બહાના હેઠળ ખેડુતોને પરેશાન કરવાની માનસિકતા ધરાવતા તંત્ર ને આવા કિસ્સાઓમાં પ્રેકટીકલ થઈ માનવતા દાખવવા માટે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડાની રૂબરૂ મુલાકાત લઈને ખેડુતો પ્રત્યે હમદર્દી દાખવવાની વિનંતી કરી હતી.

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ આમ આદમી પાર્ટીમાં ભંગાણ: જુનાગઢ જિલ્લા પ્રમુખ ભાવેશ કાતરીયાએ આપ્યુ રાજીનામુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનો જંગ નજીકમાં ખેલાવવાનો છે. ત્યારે આમ આદમી પાર્ટી ને મોટો ફટકો પડયો છે. પાર્ટીના જુનાગઢ જિલ્લા પ્રમુખ અને પ્રદેશ જોઈન્ટ સેક્રેટરી ભાવેશ કાતરીયાએ પોતાના તમામ હોદ્દા પરથી રાજીનામુ ધરી દીધુ છે. તેમણે પોતાનુ રાજીનામુ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને વોટસએપ મારફતે મોકલી આપ્યુ છે. જેમાં પાર્ટીની કાર્યશૈલી અને નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા છે.



ભાવેશ કાતરીયાએ પોતાના રાજીનામાના પત્રમાં અત્યંત ગંભીર અને સનસનીખેજ આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી હવે તેની મુળ વિચારધારાથી ભટકી ગઈ છે. આ પાર્ટી હવે લોકશાહી ઢબે ચાલવાને બદલે એક ખાનગી કંપનીની જેમ ચાલી રહી છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે પાયાના કાર્યકરોની ઉપેક્ષા કરવામાં આવી રહી છે અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સરમુખત્યારશાહી જોવા મળે છે.

રાજીનામામા સૌથી મોટો આક્ષેપ કરતા કાતરીયાએ જણાવ્યુ હતુ કે વાસ્તવિકતા તપાસતા એવુ સ્પષ્ટ જણાય છે કે પાર્ટીનો મુખ્ય ઉદેશ હવે જનતાની સેવા કરવાનો નહી પરંતુ પરોક્ષ રીતે ભારતીય જનતા પાર્ટીને ફાયદો કરાવવાનો જ રહ્યો છે. તેમણે પાર્ટીની રણનીતી સામે પ્રશ્નો ઉઠાવતા કહ્યુ હતુ કે જે રીતે નિર્ણયો લેવાય છે તેનાથી વિરોધપક્ષ તરીકેની પાર્ટીની ભુમિકા શંકાસ્પદ બની છે. પોતાની વ્યથા ઠાલવતા ભાવેશ કાતરીયાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩ થી આજદીન સુધી સૌરાષ્ટ્રમાં પાર્ટીને મજબુત કરવા માટે મે રાત દિવસ લોહી પરસેવો એક કર્યો છે. આ દરમિયાન તેમણે પૂર્વ પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા પર પણ આકરા પ્રહારો કર્યા હતા, તેમણે ઈટાલીયાને માત્ર એક મીનીટના ધારાસભ્ય ગણાવીને કટાક્ષ કર્યો હતો. જે દર્શાવે છે કે પાર્ટીના આંતરીક માળખામાં લાંબા સમયથી ખટરાગ ચાલી રહ્યો હતો. સૌરાષ્ટ્ર અને ખાસ કરીને જુનાગઢમાં ભાવેશ કાતરીયા એક સક્રિય ચહેરો ગણાતા હતા. તેમના રાજીનામાથી સ્થાનિક સ્તરે કાર્યકરોમાં મનોબળ તુટવાની શકયતા છે. ખાસ કરીને જયારે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ આવી રહી છે ત્યારે સંગઠનમાંથી આ પ્રકારે બે મોટા નેતાઓનુ જવુ પાર્ટી માટે જોખમી સાબિત થઈ શકે છે. હજુ સુધી આમ આદમી પાર્ટી ના પ્રદેશ નેતૃત્વ દ્વારા આ રાજીનામા અંગે કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. જો કે રાજકીય વિશ્લેષકો માને છે કે જો આ નારાજગી દુર કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં અન્ય જિલ્લાઓમાં પણ રાજીનામાનો દોર શરૂ થઈ શકે છે.

## અમદાવાદમાં ઓનલાઈન ચાલતા ક્રિકેટ બેટિંગ રેકેટનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના નિકોલ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ એક મોટા ક્રિકેટ બેટિંગ રેકેટ પર દરોડા પાડયા છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે, જ્યારે સ્થળ પરથી મોબાઈલ ફોન, ટેબ્લેટ, લેપટોપ અને ટીવી સહિત કુલ ૩.૪૩ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

તપાસમાં સામે આવ્યું છે કે આ નેટવર્ક અત્યંત વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતું હતું, જેમાં વિદેશી નંબરો અને અલગ-અલગ બેટિંગ આઈડીનો ઉપયોગ કરીને ઓનલાઈન સટ્ટો રમાડવામાં આવતો હતો. આ દરોડામાં માત્ર સ્થાનિક કનેક્શન જ નહીં, પરંતુ આંતરરાજ્ય લિંક પણ બહાર આવી છે. તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ SATSPORT9 અને VIPBET૩૬૦ જેવી માસ્ટર આઈડી દ્વારા કરોડો રૂપિયાના સટ્ટાનું સંચાલન કરતા હતા.

પોલીસ તપાસમાં દિલ્હીના આકાશ અને અનિલ કોટક નામના ઈસમોના નામ મુખ્ય સૂત્રધારો તરીકે ખૂલ્યા છે.

આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૪૬ જેટલા શખસોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. વિદેશી નંબરો દ્વારા ઓપરેટ થતા આ રેકેટના મૂળિયાં કેટલા ઊંડા છે તે જાણવા માટે SMC એ વધુ તપાસ તેજ કરી છે અને ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.